©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] THURSDAY, 31st JULY, 2025/SRAVANA 09, 1947 [Issue No. 31

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	693-724	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	2557-2706
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
NOTIFICATION
MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા
જાહેરનામુ

નં. ડી.એમ./જાહેરનામું/વશી-૧૧૪૮/૨૦૨૫.-ધંધુકા-બરવાળા-વલ્લભીપુર-ભાવનગર રોડ (એસ.એચ.-૩૬) પર લીલકા નદી પર જૂનો બ્રિજ આવેલ છે. આ બ્રિજ રિપેરિંગ કરવા યોગ્ય ન હોઈ, સદરહુ બ્રિજને પુનઃનિર્માણ કરવા ભલામણ થઈ આવેલ છે. જેથી વાહન ચાલકોની સલામતીને ધ્યાને લઈ ઉકત બ્રિજને તમામ વાહનો માટે તાત્કાલિક બંધ કરવાની તેમજ આ જૂના બ્રિજ પર ચાલતા વાહનોને આ બ્રીજની બાજુમાં ઉપરવાસમાં આવેલ નવા બ્રીજ પર માર્ગાન્તર (ડાઈવર્ઝન) કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), બોટાદના તા. ૧૫-૦૫-૨૦૨૫ના પત્ર નં. પીબી/૪૫૫/૨૦૨૫ થી દરખાસ્ત થઈ આવેલ છે. જેથી વાહન ચાલકોની સલામતીને ધ્યાને લઈ ઉકત બ્રીજને તમામ વાહનો માટે તાત્કાલિક બંધ કરવાની તેમજ આ જૂના બ્રિજ પર ચાલતા વાહનોને આ બ્રીજની બાજુમાં ઉપરવાસમાં આવેલ નવા બ્રીજ પર માર્ગાન્તર (ડાઈવર્ઝન) કરવુ આવશ્યક જણાય છે. સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) નીચે મને મળેલ અધિકારની રૂએ હું ડૉ. જીન્સી રોય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ લીલકા નદી પર જૂના બ્રિજ પરથી પસાર થતા તમામ વાહનોને આ બ્રીજની બાજુમાં ઉપરવાસમાં આવેલ નવા બ્રીજ પર ઉપરથી પસાર થવાનું ફરમાવું છું.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી બ્રીજનું નવ નિર્માણ કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી અમમલાં રહેશે.

હાલ સાળંગપુર ખાતે આવતા દર્શનાર્થીઓ ઉપરોકત રસ્તેથી જ પસાર થતાં હોય છે. જેથી વાહન વ્યવહાર વધારે રહેતો હોઈ, અકસ્માત થવાની સંભાવના રહેલ છે. જેથી ઉકત સ્થળે વાહન ચાલકોની સલામતી માટે ડાયવર્ઝન સ્થળ પર જરૂરી સાઈનબોર્ડ તથા બેરીકેટીંગ તથા જરૂરી સાધન સામગ્રી લગાવી અકસ્માત ન થાય તેની કા.ઈ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), બોટાદએ તકેદારી રાખવાની રહેશે. તેમજ ઉકત બ્રીજનું કાર્ય પૂર્ણ થયે જાહેરનામાની અમલવારી મુલતવી રાખવા દરખાસ્ત કરવાની રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), બોટાદને ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલ ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૦-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ.

બોટાદ, ૧૦ માહે જુન, સને ૨૦૨૫.

ડૉ. જીન્સી રોય
જિલ્લા મેજીસ્ટ્રેટ
બોટાદ.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામુ/રીન્યુ પથિક સોફટવેર/૫૩૦/૨૦૨૫, તા. ૨૭-૦૫-૨૦૨૫.

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/e-૪૨૫૩૯૨/૨૦૨૫.-(૧) વંચાણે લીધા ક્રમ-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામુ/રીન્યુ પથિક સોફટવેર/૫૩૦/૨૦૨૫, તા. ૨૭-૦૫-૨૦૨૫ થી હોટલમાં રોકાણ કરનાર ગ્રાહક/મુસાફરોની માહિતી હોટલ ખાતેથી જ ઈન્ટરનેટ દ્વારા એન્ટ્રી થાય તે માટેનું સીકયોર વેબ પોર્ટલ ''પથિક'' (PATHIK-Programme for Analysis of Travelers and Hotel Information) વિકસાવવામાં આવેલ છે તથા આ સર્વર અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ ખાતે કાર્યરત છે. ક્રાઈમ બ્રાંચના સોફટવેર સાથે રજીસ્ટર થયેલ હોટલ ધારક જ ક્રાઈમ બ્રાંચ ખાતેથી આપવામાં આવેલ યુઝરનેમ અને પાસવર્ડ દ્વારા એન્ટ્રી કરી શકે છે. આમ, સોફટવેર કોઈપણ નવી હોટલમાં ઈન્સ્ટોલ કરવા માટે જે તે સ્થળ પર જવાની જરૂર નથી. પરંતુ મુખ્ય કાર્યાલય દ્વારા જે તે હોટલની રજીસ્ટ્રેશન લગત માહિતી સર્વરમાં સ્ટોર કર્યા બાદ, યુઝરનેમ-પાસવર્ડ આપતા હોટલ આ સિસ્ટમ સાથે જોડાઈ જાય છે. જેના આધારે રોકાણ કરનાર ગ્રાહકની મહત્વની તમામ માહિતી પોલીસને તાત્કાલીક ધોરણે ઉપલબ્ધ થઈ જાય છે.

(૨) પથિક સોફટવેરથી એક જ જગ્યાએ બેસીને એક જ વ્યકિત દ્વારા ઈન્ટરનેટના માધ્યમથી તમામ મુસાફરોની વિગત ચકાસી શકાય છે. જેના કારણે માનવ શકિતનો ઓછો ઉપયોગ કરી, ટેકનોલોજીની મદદથી સમય મર્યાદામાં કોઈપણ ગુનો બનતો અટકાવી શકાય અથવા બનેલ ગુન્હાના કામે ડીટેકશન કરવામાં મહત્વપુર્ણ કડી સાબિત થઈ શકે છે. સાંપ્રત સમયમાં બનતા ગુન્હા તથા આંતકવાદ જેવી ઘટનાઓ અટકાવવા, તેમજ આકસ્મિક બનાવ સમયે કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તેવા સંજોગોમાં તમામ હોટલોને એક સાથે ચેક કરવી થોડી મુશ્કેલી તથા સમયનો વ્યય થાય પરંતુ ''પથિક'' સોફટવેર મારફત આ કામગીરીને ચેક કરી ગુન્હાહીત કે અન્ય માહિતી તાત્કાલીક મળી શકે છે. તેમજ સરળતાથી તપાસમાં ઉપયોગી થઈ શકે તેવી માહિતી ઉપલબ્ધ થઈ શકશે.

(૩) તદઉપરાંત અમરેલી જિલ્લા ખાતે દરિયાઈ વિસ્તાર ખૂબ જ લાંબો આવેલ હોય અને ત્યા મોટી કંપનીઓ કાર્યરત હોય અને જેમાં

મહત્વની આંતરરાષ્ટ્રીય મુસાફરો/પ્રવાસીઓની અવર-જવર રહેતી હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ અગત્યના ઈનપુટો બાબતે મહત્વની માહિતી મળી રહે તે સારૂ ''પથિક'' સોફ્ટવેરની અમલવારી કરાવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું દિલિપસિંહ ગોહિલ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં નીચે મુજબની બાબતોનો ચૂસ્ત અમલ કરવા ફરમાવું છું.

1. અમરેલી જિલ્લાની તમામ હોટેલો અને ગેસ્ટહાઉસ ખાતે પ્રાંત રાજય/દેશ/વિદેશથી આવતા તમામ મુસાફરોની વિગત ''પથિક'' (PATHIK -Programme for Analysis of Travellers and Hotel Information) સોફ્ટવેરમાં હોટલના માલિક/સંચાલકે અવશ્ય કરવી.
2. જાહેરનામું પ્રસિધ્ધ થયેથી સોફ્ટવેરમાં ડેટા એન્ટ્રી કરવા માટે બહુમાળી ભવન, એ-બ્લોક, પ્રથમ માળ, રૂમ નં.-૧૦૨, એસ.ઓ.જી. શાખા ખાતેથી હોટલ સંચાલક/માલિકે હોટલની વિગતો રજુ કરી યુઝર આઈડી-પાસવર્ડ દિન-૧૦ માં મેળવી લેવાના રહેશે.

અમલવારીનો વિસ્તાર :

આ હુકમ અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૧૦-૦૬-૨૦૨૫ થી તા. ૦૮-૦૮-૨૦૨૫ (બંન્ને દિવસો સહિત) સુધીના સમયગાળા માટે અમલી રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ ની જોગવાઈ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ફરજ પરનાં કોઈ પણ હેડ કોન્સટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોય આથી એક તરફી ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડીને પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ એસ.ઓ.જી. શાખાએ તમામ હોટલ સંચાલકો/માલીકોને જાણ તથા સમજ આપવાની રહેશે.

આજ તા. ૧૦, જુન-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

અમરેલી, ૧૦ માહે જુન, સને ૨૦૨૫.

દિલિપસિંહ ગોહિલ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અમરેલી.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

ના. મેજી/પોલ-૧/SSC-HSC/પૂરક પરીક્ષા/જાહેરનામું/૦૬/૨૦૨૫.-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પૂરક પરીક્ષાઓ તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૦૩-૦૭-૨૦૨૫ દરમ્યાન લેવાનાર છે. આ પરીક્ષાઓ દરમ્યાન પરીક્ષા કેન્દ્રના સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવા સરકારશ્રી દ્વારા જરૂરી સુચના અપાયેલ છે.

જિલ્લામાં ઉપરોક્ત પરીક્ષા પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના આપી શકે તથા પરીક્ષા સ્થળના સંચાલકશ્રીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે તેમજ પરીક્ષા સમય દરમ્યાન જાહેર વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુથી તથા પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી પરીક્ષાર્થીઓના ભાવિ પર અસર ન પડે તે માટે કોપી રાઈટ/ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીઈંગ મશીન દ્વારા ન થાય તથા પરીક્ષા ખંડમાં ન પહોંચે તે માટે પ્રતિબંધો ફરમાવવા માટે જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, કચ્છ-ભુજ દ્વારા તા. ૧૨-૦૬-૨૦૨૫ના રોજ દરખાસ્ત રજુ થયેલ છે.

જેથી, હું ડી. પી. ચૌહાણ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે અનુસુચિમાં જણાવ્યા મુજબના પરીક્ષા કેન્દ્રો તથા બિલ્ડીંગોના ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં તા. ૨૩-૦૬-૨૦૨૫ ના સવારના કલાક ૦૬-૦૦ થી તા. ૦૩-૦૭-૨૦૨૫ના રાત્રીના કલાક ૦૮-૦૦ સુધી નીચે મુજબનો પ્રતિબંધ ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈ પણ માર્ગ ઉપર ચોકમાં કે ગલીમાં પાંચ કરતાં વધારે લોકોએ એકઠા થવું નહીં, સરઘસો કાઢવા નહીં તેમજ સુત્રો પોકારવા નહીં.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોપીઈંગ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધીર્થીઓ/કોપીઈંગ મશીન ધારકોએ તેઓના કોપીઈંગ મશીનો ચલાવવા નહીં કે કોઈપણ પત્રો, દસ્તાવેજો કે કાગળોની નકલો કરવી નહીં અને મશીનો બંધ રાખવા.

(૩) પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગોના મુખ્ય પ્રવેશ દ્વાર પાસે જ પોલિસ કર્મચારીએ ઉભા રહી જે પરીક્ષાર્થી પાસે પ્રવેશિકા (રસીદ) હોય તે ચકાસીને જ માત્ર પરીક્ષાર્થીઓને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૪) પરીક્ષામાં રોકાયેલ કેન્દ્રના સંપાદકશ્રીઓ, બિલ્ડીંગના કન્ડકટરશ્રી, ખંડ નિરીક્ષકો, વહીવટી સેવામાં જેઓને ફરજ સોંપવામાં આવે છે તે વોટરમેન, બેલમેન કે જેઓ આયોગ દ્વારા ઓળખપત્ર આપવામાં આવેલ છે તે તપાસીને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૫) પોલિસ કર્મચારીએ પરીક્ષા કેન્દ્ર/બિલ્ડીંગના મુખ્ય પ્રવેશદ્વાર પાસે જ ફરજ બજાવવાની રહેશે. વર્ગખંડમાં પ્રવેશ કરવાનો રહેશે નહીં.

(૬) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈ પણ માર્ગ ઉપર, ચોકમાં કે ગલીમાં કોઈ પણ વ્યકિતએ વાયરલેસ ડીવાઈસીસ જેવા કે બ્લુ ટુથ, પેન કેમેરા, મોબાઈલ કે ઈન્ટરનેટ સાથે કનેકટેડ ઉપકરણો કે અન્ય કોઈ પણ ઈલેકટ્રોનીક સાધનો લઈ જવા નહીં તથા મ્યુઝિક, સંગીત ઈત્યાદી જોરથી વગાડવુ નહી.

અનુસુચિ :

એસ.એસ.સી., એચ.એસ.સી., પૂરક પરીક્ષા જૂન-જૂલાઈ-૨૦૨૫

ક્રમ	પરીક્ષા સ્થળનું નામ	સરનામું
૧	શેઠ વી. ડી. હાઈસ્કુલ, ભુજ	ઈન્દ્રાબાઈ પાર્ક સામે, ભુજ-કચ્છ
૨	સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, ભુજ	મીલીટરી સ્ટેશન સામે, ભુજ-માધાપર હાઈવ, ભુજ-કચ્છ
૩	સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ, યુનિટ-૧	પડદાભીટ્ટ હનુમાન મંદિર પાસે, ભુજ-કચ્છ
૪	શ્રી ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ, ભુજ, યુનિટ-૧	એસ. ટી. બસ સ્ટેશન સામે, ભુજ-કચ્છ
૫	શ્રી ઓલ્ફેડ હાઈસ્કૂલ, ભુજ, યુનિટ-૧	હમીરસર તળાવ પાસે, મહાદેવ ગેટ, ભુજ-કચ્છ
૬	શ્રી ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ, ભુજ, યુનિટ-૨	એસ. ટી. બસ સ્ટેશન સામે, ભુજ-કચ્છ
૭	માતૃછાયા કન્યા વિદ્યાલય, ભુજ	માતૃછાયા માર્ગ, સંતોષીમાતાના મંદિર પાસે, ભુજ-કચ્છ
૮	જૈનાચાર્ય અજરામરજી સ્કૂલ, ભુજ	અજરામર ચોક, હોસ્પિટલ રોડ, ભુજ-કચ્છ
૯	મા આશાપુરા સ્કૂલ, ભુજ	સરદાર પટેલ સંકુલ, લેવા પટેલ હોસ્પિટલ પાછળ, ભુજ-કચ્છ
૧૦	માતૃશ્રી આર. ડી. વરસાણી કુમાર વિદ્યાલય, ભુજ	સરદાર પટેલ સંકુલ, લેવા પેટલ હોસ્પિટલ પાછળ, મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ
૧૧	સંસ્કાર સ્કૂલ, ભુજ	સ. નં. ૭૯૮, હિલ ગાર્ડન એરપોર્ટ રીંગ રોડ, ભુજ-કચ્છ
૧૨	સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિર, મીરઝાપર	ઉમા નગર પાસે, મીરઝાપર રોડ, ભુજ-કચ્છ
૧૩	મુસ્લિમ એજ્યુકેશન સ્કૂલ, ભુજ	એરપોર્ટ રીંગ રોડ, ભુજ-કચ્છ
૧૪	ચાણકય એકેડેમી સ્કૂલ, ભુજ	મુંદરા રોડ, ભુજ-કચ્છ
૧૫	વાત્સલ્ય સ્કૂલ, ભુજ	મુસ્લિમ એજ્યુકેશન સ્કૂલની સામે, ભુજ-કચ્છ
૧૬	વાહેદના સ્કૂલ, ભુજ	મોટા પીર રોડ, સંજોગ નગર, ભુજ-કચ્છ

આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં

(૧) પોતાના અંગત ઉપયોગ માટે કોપીઈંગ મશીનનો વપરાશ કરતી વ્યકિતઓને.

(૨) પોતાની ફરજની રૂએ કામ કરતી વ્યકિતને એકત્રિત થવાની જોગવાઈ લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે. આ જાહેરનામાની જાહેરાત પોલિસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોટાડીને કરવી.

આજરોજ તા. ૨૦-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી બહાર પાડ્યું.

કચ્છ-ભુજ, ૨૦ માહે જુન, સને ૨૦૨૫.

ડી. પી. ચૌહાણ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ-ભુજ.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

Letter No. DBD/0457/06/2025.-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજીત એસ.એસ.સી. તથા એચ.એસ.સી. ની વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહના ઉમેદવારોની પુરક-૨૦૨૫ની પરીક્ષા તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૦૩-૦૭-૨૦૨૫ ના રોજ યોજનાર છે. જે પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે. આ પરીક્ષાઓ શાંતિપુર્ણ વાતાવરણમાં

યોજાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે સભ્ય સચિવ, જિલ્લા પરીક્ષા સમિતિ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, દેવભૂમિ દ્વારકાએ તા. ૧૨-૦૬-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : બોર્ડ પરીક્ષા શાખા/૨૦૨૫-૨૬/૨૩૫૧ થી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત મને યોગ્ય જણાય છે.

આથી હું, ભૂપેશ જોટાણીયા (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કમલ-૧૬૩ હેઠળ મુજબ મને મળેલી સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

(૧) પરિશિષ્ટમાં દર્શાવેલ પરિક્ષા કેન્દ્રની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈ અનઅધિકૃત વ્યકિતએ પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૨) પરિશિષ્ટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તરામાં આવેલ ઝેરોક્ષ દુકાનો પરીક્ષા સમય દરમ્યાન બંધ રાખવાની રહેશે.

(૩) પરિશિષ્ટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં લાઉડ સ્પીકરો પરીક્ષા સમય દરમિયાન બંધ રાખવાના રહેશે.

પરિશિષ્ટ

એચ.એસ.સી. (ધોરણ-૧૨) અને એસ.એસ.સી. (ધોરણ-૧૦) પૂરક પરીક્ષા માર્ચ-૨૦૨૫ ના આ જિલ્લાનાં પરીક્ષા કેન્દ્રોની યાદી

ક્રમ	પ્રવાહ	પરીક્ષા કેન્દ્ર
૧	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ	એસ. એન. ડી. ટી. હાઈસ્કૂલ, પોર ગેટ-ખંભાળીયા
૨	ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ	આહિર દેવાતભાઈ વજસી કોઠીયા હાઈસ્કૂલ
૩	ધોરણ-૧૦	કે. આર. ગોકાણી ગર્લ્સ હાઈસ્કૂલ-ખંભાળીયા
૪		એમ. ઓ. વાયા બોય્ઝ હાઈસ્કૂલ-ખંભાળીયા
૫		શારદા હાઈસ્કૂલ-ખંભાળીયા
૬		શિવમ ગર્લ્સ હાઈસ્કૂલ-ખંભાળીયા
૮		સેન્ટ કર્વે સ્કૂલ, રામનગર, રામનાથ મંદિર પાછળ-ખંભાળીયા
૯		ડ્રીમલાઈન સ્કૂલ-ખંભાળીયા

આ હુકમની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, દેવભૂમિ દ્વારકાએ બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યો.

દેવભૂમિ દ્વારકા, ૧૬ માહે જુન, સને ૨૦૨૫.

ભૂપેશ જોટાણીયા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
દેવભૂમિ દ્વારકા.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે

જાહેરનામુ

નં. એમએજી/સી/જાહેરનામુ/મકાન/ઈ-૨૦૬૨૦૨/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./મકાન ભાડુઆત/જાહેરનામુ/૩૨૫/૨૦૨૫, તા. ૧૨-૦૪-૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્ત વિગતે, ત્રાસવાદી તેમજ અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે તેવી શકયતાઓ રહેલી છે. બહારના શહેર, રાજય કે દેશમાંથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થીતીથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે, આથી આવી પરીસ્થિતી અટકાવી શકાય તે માટે સમગ્ર જિલ્લામાં કોઈ મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલિક સંબંધીત પોલીસ સ્ટેશન ખાતે તેમા દર્શાવ્યાનુસારની (નીચે મુજબની) જાણ કર્યા સિવાય કોઈને મકાન ભાડે આપી શકે નહિ તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

જુનાગઢ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પવિત્ર યાત્રાધામ ગિરનાર આવેલ છે. આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ઘણા ધાર્મિક સ્થળો આવેલા છે. જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કોઈ વ્યક્તિ સ્થાનિકે ભાડેથી મકાન લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદ ઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી થઈ આવેલ દરખાસ્ત વ્યાજબી/ઉચીત જણાય છે.

આથી હું, એન. એફ. ચૌધરી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાન કે અન્ય એકમની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અનુ.	મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/ દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલિકનું નામ/ સરનામુ અને ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર	ભાડે આપેલ મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/ દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજનું પુરૂ નામ, સરનામુ	મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ કઈ તારીખથી કઈ તારીખ સુધી ભાડે આપેલ છે તથા માસિક ભાડું કેટલું છે? તથા ભાડા કરાર કરાવેલ છે કે કેમ?	ભાડુઆતાનું પુરૂ નામ, સરનામુ તથા મો. નંબર	ભાડુઆતની આઈ. ડી. પુરૂની નકલ જોડવી	મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/ દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના મકાન માલીકનો ભાડુઆત સાથે સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ/ સરનામું/ટેલીફોન નંબર/ મો. નંબર તથા આઈ.ડી. પુરૂની નકલ જોડવી
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)

આ જાહેરનામુ તા. ૧૯-૦૪-૨૦૨૫ થી તા. ૧૭-૦૬-૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર BNS-2023 ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ માંડવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આ જાહેરનામુ આજરોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કરવામાં અવ્યું.

જુનાગઢ, ૧૭ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

જાહેરનામુ

નં.એમએજી/સી/જાહેરનામુ/ઘર નોકર/ઈ-૮૦૩૭૮/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં.એસ.ઓ.જી./ઘર નોકર/જાહેરનામું/૩૭૫/૨૦૨૫, તા. ૦૨-૦૫-૨૦૨૫ ના પત્રથી રજુ થયેલ દરખાસ્તની વિગતે, જુનાગઢ જિલ્લામાં ઘણા ગંભીર ગુન્હાઓમાં ઘરઘાટીની સંડોવણી હોવાનું તપાસ દરમિયાન જણાયેલ છે. કેટલાંક કિસ્સાઓમાં વયોવૃધ્ધ નાગરિકો મકાનમાં એકલા રહેતા હોય છે. તેમને ત્યાં ઘરકામ અર્થે રાખેલ ઘરઘાટીઓ પૈકી અમુક ગુનાહિત મનોવૃતિ ધરાવતા હોઈ, એકલતાનો લાભ ઉઠાવી નાણાની અથવા અન્ય લાલચમાં આવી જઈ શરીર સબંધી કે મિલકત સંબંધી ગુન્હાઓ આચરી ફરાર થઈ જતા હોય છે. આંતકવાદી પ્રવૃતિઓમાં સામેલ ઈસમો પણ આ રીતે રહે તેવી શકયતા નકારી શકાય નહિ. મહદંશે ઘરઘાટીઓ જૂનાગઢ જિલ્લાની બહારના હોઈ, તેઓ ગુન્હો આચરીને જતા રહેતા હોય છે. તેમની માહિતી મકાન માલિક કે પોલીસ પાસે હોથી નથી પરિણામે તેમને પકડવા ખુબ જ મુશ્કેલભર્યું બને છે. જેથી આવા બનાવો બનતા અટકાવવા તથા જુનાગઢ જિલ્લા વિસ્તારની જાહેર જનતાની સલામતી અને શાંતિ જાળવવા સારૂં આવા ઘરઘાટીઓના પુરા નામ, સરનામા, ફોટોગ્રાફ, ધંધાકીય પ્રવૃતિની વિગત વિગેરે માહિતી માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

જૂનાગઢ જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા તથા આવી પ્રવૃતિ અટકાવવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે. સબબ, હું એન. એફ. ચૌધરી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં ઘરઘાટીના નામ, સરનામા, ફોટોગ્રાફ, ધંધાકીય પ્રવૃતિની વિગત વિગેરે માહિતી ઘરમાલિક/ભાડુઆત દ્વારા નીચે મુજબ નમૂનામાં દર્શાવેલ પત્રક મુજબની માહિતી દિન-૭ માં સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે તેમજ નવા ઘરઘાટીને કામ પર રાખ્યાની તથા જુના ઘરઘાટીને છુટા કર્યાની તારીખથી ૪૮ કલાક અંદર સંબંધિત પો. સ્ટે. ને જાણ કરવાની રહેશે.

ક્રમ	ઘર માલિક/ભાડૂઆતનું નામ/ સરનામું, મોબાઇલ/ટેલીફોન નંબર (આઈ.ડી. પુરૂની નકલ ફરજિયાત જોડવી)	ઘરઘાટીનું પુરૂ નામ, ઉ.વ. તથા જૂનાગઢ જિલ્લાનું સરનામું તથા મોબાઇલ નંબર (આઇ.ડી. પુરૂની નકલ ફરજિયાત જોડવી	ઘરઘાટીનું મૂળ વતનનું સરનામું તથા મોબાઇલ નંબર તથા પો.સ્ટે. નું નામ (આઇ.ડી. પુરૂની નકલ ફરજિયાત જોડવી	ઘરઘાટીને કામે રાખ્યા તારીખ/છુટા કર્યા તારીખ	ઘરઘાટી અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે ઘર માલિકનું/ ભાડુઆતનું પુરૂ નામ, સરનામું તથા મોબાઇલ નંબર અને ઘરઘાટીનો સમયગાળો	ઘરઘાટી કોના રેફરન્સ/પરિચયથી કામે રાખેલ છે? તેનું પુરૂ નામ, સરનામું તથા મોબાઇલ નંબર (આઇ.ડી. પુરૂની નકલ ફરજિયાત જોડવી	ઘરઘાટીના માતા-પિતા ભાઈ-બહેનના પુરા નામ, સરનામા તથા મોબાઇલ નંબર	ઘરઘાટી પરિણીત હોય તો તેના સાસુ-સસરા, સાળાના નામ, સરનામું તથા મોબાઇલ નંબર	ઘરઘાટીનો અભ્યાસ તથા ઓળખી શકાય તેવી નિશાની	ઘરઘાટીનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧

આ જાહેરનામું તા. ૦૮-૦૫-૨૦૨૫ થી તા. ૦૬-૦૭-૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર BNS, 2023 ની કલમ-૨૨૩ મુજબ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ માંડવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આ જાહેરનામુ આજ રોજ જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

જુનાગઢ, ૦૬ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

જાહેરનામુ

નં. એમએજી/સી/મોબાઈલ/લેપટોપ/લે-વેચ/રીપેરીંગ/ઈ-૮૦૨૮૬/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./મોબાઈલ/લેપટોપ/લે-વેચ/રીપેરીંગ/જાહેરનામું/૩૭૭/૨૦૨૫, તા. ૦૨-૦૫-૨૦૨૫ થી થઈ આવેલની વિગતે, ગુનાહિત પ્રવૃતિઓ સાથે સંકળાયેલા ઈસમો પોતાના આર્થિક ફાયદા માટે મોબાઈલ ફોન/લેપટોપનો દૂરઉપયોગ કરીને લોકો સાથે છેતરપિંડી, ચોરી તેમજ મિલકત સંબંધી તથા શરીર સંબંધી ગુન્હાઓ આચરતા હોવાના ઘણા ગુન્હાઓ જિલ્લામાં દાખલ થયેલ છે. મોબાઈલ ફોન તથા ઈન્ટરનેટના ઉપયોગ દ્વારા ઈ-કોમર્સનું ચલણ વધી રહયું હોય, સાયબર ક્રાઈમના મોટા ભાગના ગુન્હેગારો બિલ વગરના મોબાઈલ મેળવી દેશના કોઈપણ ખૂણે બેસીને અપરાધને અંજામ આપતા હોવાનું ધ્યાને આવેલ છે તેમજ રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે તેમજ મોબાઈલ ચોરીઓના ગુન્હાનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગુમ થયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખત મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ/લેપટોપ ખરીદેલ છે. જે મોબાઈલ/લેપટોપ વેંચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મૂળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જૂના મોબાઈલ/લેપટોપ કોની પાસેથી ખરીદેલ છે અને કોને વેંચેલ છે તે જાણવું જરૂરી છે તેવું જણાવી નીચે દર્શાવ્યા મુજબની માહિતી નિભાવતા પોલીસ અધિકારીશ્રી, જૂનાગઢએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજૂ કરેલ છે.

જુનાગઢ જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વાજબી જણાય છે. આથી હું એન. એફ. ચૌધરી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના મોબાઈલ/લેપટોપ લેનાર/વેચનાર દુકાનધારકો/વેપારીઓએ નીચે મુજબના રજીસ્ટર નિભાવવાના રહેશે અને તેમાં જુના મોબાઈલ/લેપટોપ ખરીદતી વખતે/વેંચતી વખતે જરૂરી વિગતો નોંધવાની રહેશે.

જુના મોબાઈલ / લેપટોપ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ. નં.	જુના મોબાઈલ ફોન/ લેપટોપની કંપનીનું નામ	મોડલ નંબર	IMEI નંબર/ Sr. નંબર/	મોબાઈલ/લેપટોપ વેંચનારનું નામ, સરનામા, મોબાઈલ નંબરની વિગત (ID પ્રુફની નકલ અલગ ફાઈલમાં રાખવી)	બિલ નંબર/ તારીખ	જુના મોબાઈલ/ લેપટોપની વેપારીએ કરેલ ખરીદીની તારીખ
૧	૨	૩	૪	૫	૬	૭

જુના મોબાઈલ/લેપટોપ વેંચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ. નં.	જુના મોબાઈલ ફોન/ લેપટોપની કંપનીનું નામ	મોડલ નંબર	IMEI નંબર/ Sr. નંબર/	મોબાઈલ/લેપટોપ ખરીદનારનું નામ, સરનામા, મોબાઈલ નંબરની વિગત (ID પ્રુફની નકલ અલગ ફાઈલમાં રાખવી)	બિલ નંબર/વેચાણ તારીખ
૧	૨	૩	૪	૫	૬

જુના મોબાઈલ ફોન/ લેપટોપ રીપેરીંગ કરનાર વેપારીએ નિભાવવાનું રજીસ્ટર :

અ. નં.	જુના મોબાઈલ ફોન/ લેપટોપની કંપનીનું નામ	મોડલ નંબર	IMEI નંબર/ Sr. નંબર (બીલની નકલ સાથે જોડવી)	રીપેરીંગ માટે આપનાર વ્યકિતના નામ, સરનામા, મોબાઈલ નંબરની વિગત (ID પ્રુફની નકલ અલગ ફાઈલમાં રાખવી)	રીપેરીંગ માટે આપનાર વ્યકિતની સહી/તારીખ	રીપેરીંગ કર્યા બાદ પરત લેનાર વ્યકિતની સહી/તારીખ
૧	૨	૩	૪	૫	૬	૭

આ જાહેરનામું તા. ૦૯-૦૫-૨૦૨૫ થી તા. ૦૭-૦૭-૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર BNSS, 2023 ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ માંડવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આ જાહેરનામુ આજ રોજ જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

જુનાગઢ, ૦૬ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

જાહેરનામુ

નં. એમએજી/સી/મજુર/ઈ-૮૦૫૬૬/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. એસ.ઓ.જી./મજુર/જાહેરનામું/૩૭૬/૨૦૨૫, તા. ૦૨-૦૫-૨૦૨૫ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે, જૂનાગઢ જિલ્લામાં ઘણા ગંભીર ગુન્હાઓમાં કારખાના, મકાન બાંધકામ, ઔદ્યોગિક વસાહતોની ફેકટરીઓ, ખેતી, હીરા ઉદ્યોગમાં તેમજ વેપાર-ધંધામાં, હોટલ/ગેસ્ટ હાઉસ/ધાબા/રેસ્ટોરન્ટ વિગેરે તેમજ ખાણીપીણીની દુકાનમાં મજૂર તરીકે કામ કરતાં કારીગરો આ પ્રકારના ગંભીર ગુન્હા આચર્યા બાદ અન્ય જિલ્લા/રાજ્યમાં નાશી જતા હોય છે. જેથી ગુન્હાઓ વણશોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણા કિસ્સાઓમાં તેમના વતનમાં કે અન્ય શહેરમાં ગંભીર ગુન્હાઓ આચરી જૂનાગઢ જિલ્લામાં આશરો લેતા હોય છે. તેથી જૂનાગઢ જિલ્લા વિસ્તારની સલામતી અને શાંતિ જાળવવા સારૂં આવા મજુરો/કારીગરોની વિગત/માહિતી રાખવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

જૂનાગઢ જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા તથા આવી પ્રવૃતિ અટકાવવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વાજબી જણાય છે. સબબ, હું એન. એફ. ચૌધરી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તમામ રસ્તાનું કામ કરનાર સરકારી/પ્રાઈવેટ કોન્ટ્રાકટરો, ખેડૂતો, સફાઈ કોન્ટ્રાકટરો, કારખાનેદારો, ઔદ્યોગિક વસાહતો, ફેકટરીઓ, ગોડાઉનો, મકાન બાંધકામ બિલ્ડરો, ફાઉન્ડ્રી ઉદ્યોગ, હીરાઉદ્યોગ, ખેતી, ઉદ્યોગધંધા, હોટલ/ગેસ્ટ હાઉસ/ધાબા/રેસ્ટોરન્ટ તેમજ ખાણીપીણીની દુકાન વિગેરે સાથે સંકળાયેલ તમામ પ્રાઈવેટ સેકટરોના માલિકોએ અને મેનેજમેન્ટ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજૂરો કે ભાગીયા હાલમાં કામ ઉપર છે તેવા કાયમી કે હંગામી કોન્ટ્રાકટરના કર્મચારીઓ/કારીગરો/મજૂરોની માહિતી નીચે મુજબના નમૂના અનુસારના રજિસ્ટરમાં નોંધી રજિસ્ટર રાખવા/નિભાવવાની રહેશે તેમજ પત્રક સ્વરૂપે આ માહિતી તૈયાર કરી, સબંધિત પોલીસ સ્ટેશનને દિન-૭ માં મોકલી આપવાની રહેશે. સાથોસાથ, નવા મજૂરોને કામ પર રાખ્યાની તથા જુના મજૂરોને છુટા કર્યા તારીખથી ૪૮ કલાકની અંદર સંબંધિત પો.સ્ટે.ને જાણ કરવાની રહેશે.

ક્રમ	કામે રાખનાર માલિક/કોન્ટ્રાક્ટરનું નામ, સરનામું, મોબાઇલ નંબર (આઈ.ડી. પુરૂની તકલ ફરજિયાત લેવી)	કારખાનું/યુનિટ/કંપનીનું નામ, સરનામું, મો. નંબર તથા ધધાની વિગત	કામે રાખેલ મજૂર/કર્મચારી/કારીગર/ભાગીયાનું પુરૂં નામ, હાલનુ સરનામુ તથા મોબાઇલ નંબર (આઇ.ડી. પુરૂની તકલ ફરજિયાત લેવી)	મજૂર/કર્મચારી/કારીગર/ભાકીયાના મુળ વતનનું પુરૂં સરનામુ તથા વતનના ટેલીફોન નંબર	મજૂર/કર્મચારી/કારીગર/ભાગીયાના નોકરી પર રાખ્યાની તારીખ	મજૂર/કર્મચારી/કારીગર/ભાગીયા અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે સ્થળનું નામ, સરનામું તથા માલિકનું પુરૂં નામ, સરનામું તથા મોબાઇલ/ટેલીફોન નંબર	મજૂર/કર્મચારી/કારીગર/ભાગીયાને કોના રેફરલ્સ/ પરિચયથી નોકરીએ રાખેલ છે તે વ્યક્તિનું પુરૂં નામ, સરનામુ તથા મોબાઇલ/ટેલીફોન નંબર (આઇ.ડી. પુરૂની તકલ ફરજિયાત લેવી)	મજૂર/કર્મચારી/કારીગર/ભાગીયાના માતા-પિતા, ભાઈ-બહેનના પુરા નામ, સરનામા તથા મોબાઇલ/ ટેલીફોન નંબર	મજૂર/કર્મચારી/કારીગર/ભાગીયા પરિણીત હોય તો તેના સાસુ-સસરા, સાળાના નામ, સરનામા તથા મોબાઇલ નંબર	હથિયાર ધરાવતા હોય તો તેની વિગત	મજૂર/કર્મચારી/કારીગર/ભાગીયાનો તાજેતરનો પાસપોર્ટ સાઈજનો ફોટોગ્રાફ તથા સંપૂર્ણ ચિહ્ન
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨

આ જાહેરનામું તા. ૦૮-૦૫-૨૦૨૫ થી તા. ૦૬-૦૭-૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર BNSS, 2023 ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ માંડવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આ જાહેરનામુ આજ રોજ જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

જુનાગઢ, ૦૬ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

જાહેરનામુ

નં. એમએજી/સી/વાહન લે-વેચ/ઈ-૮૦૬૪૦/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./વાહન લે-વેચ/જાહેરનામુ/૩૭૮/૨૦૨૫, તા. ૦૨-૦૫-૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્તની વિગતે, છેલ્લા કેટલાક સમયથી આંતકવાદી, ભાંગફોડિયા તત્વો ટુ વ્હીલર, થ્રી વ્હીલર તેમજ ફોર વ્હીલર વાહનોના ઉપયોગ કરતા હોવાનું જણાયેલ છે. આંતકવાદી કૃત્યમાં આવા વાહનોનો ઉપયોગ થયા બાદ આવા વાહનોની ઘણીવાર નોંધણી ન થયેલ હોવાને કારણે આરોપીઓ સુધી પહોંચવાનું તપાસ એજન્સી/પોલીસ માટે ખૂબ જ મુશ્કેલ બનતું હોય છે. મહદંશે આવા વાહનોની લે-વેંચ કરતી વખતે તેમજ આવા વાહનો ભાડે આપતી વખતે દુકાનદારો/એજન્ટો ખરીદનાર ગ્રાહક પાસેથી ઓળખના પૂરતા પૂરાવા મેળવ્યા વગર વાહનોનું લે-વેંચ કરતા હોય છે કે ભાડે આપતા હોય છે. બહારના જિલ્લા/રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા અસામાજિક તત્વો જૂના વાહનોની લે-વેંચ કે ભાડેથી મેળવી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી જુના વાહનોના લે-વેંચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનારા વેપારીઓ/એજન્ટો ઉપર નિયંત્રણ મૂકવા જરૂરી હોવાનું જણાવી પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજૂ કરેલ છે.

જૂનાગઢ જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વાજબી જણાય છે. આથી હું, એન. એફ. ચૌધરી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જુના વાહનોની લે-વેંચ કરનાર તથા આવા વાહનો ભાડે આપનાર વ્યકિતઓએ નીચે દર્શાવ્યા મુજબ રજિસ્ટરની સ્થાનિક પો.સ્ટે.ના સહી સિકકા કરાવી નિભાવણી કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

જુના વાહનની ખરીદી અંગેનું રજિસ્ટર :

અ. નં.	જુના વાહન કોની પાસેથી ખરીદેલ છે તેનું પુરૂં નામ, ઉંમર, સરનામું તથા મોબાઈલ નંબર	જુના વાહનનો નંબર/ પ્રકાર, એન્જીન નંબર તથા ચેસીસ નંબર (વાહનની આર.સી. બુકની નકલ જોડવી	જે વ્યકિત પાસેથી વાહન ખરીદેલ હોય તેના રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ ચૂંટણીકાર્ડ/ડ્રા. લાઈસન્સ/બેન્કની પાસબુક/ પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેકટ્રીક બીલ/ ટેલીફોન બીલ (ખરીદનાર પાસેથી તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોકસ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.)	જે વ્યકિત પાસેથી વાહન ખરીદેલ હોય તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ	જે વ્યકિત પાસેથી વાહન ખરીદવું હોય તેની સહી/ તારીખ
૧	૨	૩	૪	૫	૬

જુના વાહનના વેંચાણ અંગેનું રજિસ્ટર :

અ. નં.	જુના વાહન કોને વેંચેલ છે તેનું પુરૂં નામ, ઉંમર, સરનામું તથા મોબાઈલ નંબર	જુના વાહનનો નંબર/ પ્રકાર, એન્જીન નંબર તથા ચેસીસ નંબર (વાહનની આર.સી. બુકની નકલ જોડવી	જે વ્યકિતને વાહન વેંચેલ છે તેના રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ચૂંટણીકાર્ડ/ડ્રા. લાઈસન્સ/બેન્કની પાસબુક/પાનકાર્ડ/ પાસપોર્ટ/ઈલેકટ્રીક બીલ/ ટેલીફોન બીલ (તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોકસ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.)	જે વ્યકિતને વાહન વેંચેલ હોય તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
૧	૨	૩	૪	૫

જુના વાહનો ભાડે આપેલ હોય તેનું રજિસ્ટર :

અ. નં.	જુના વાહન કોને ભાડે આપેલ છે તેનું પુરૂં નામ, ઉંમર, સરનામું તથા મોબાઈલ નંબર	ભાડે આપેલ વાહનનો નંબર/ પ્રકાર, એન્જીન નંબર તથા ચેસીસ નંબર (વાહનની આર.સી. બુકની નકલ જોડવી	જે વ્યકિતને વાહન ભાડે આપેલ હોય તેના રજુ કરેલ આધાર-પુરાવા જેવા કે રેશનકાર્ડ/ ચૂંટણીકાર્ડ/ડ્રા. લાઈસન્સ/બેન્કની પાસબુક/ પાનકાર્ડ/પાસપોર્ટ/ઈલેકટ્રીક બીલ/ ટેલીફોન બીલ (તેમની સહીથી પ્રમાણીત થયેલ ઝેરોકસ નકલ મેળવીને ફાઈલ બનાવી રાખવી.)	વાહન ભાડે લેનાર વ્યકિતની સહી/તારીખ	વાહન ભાડે આપનાર વ્યકિતની સહી/તારીખ	જે વ્યકિતને વાહન ભાડે આપેલ હોય તેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
૧	૨	૩	૪		૫	૬

આવા વેપારીએ દર મહીનાને અંતે આવા જૂના ખરીદ કરેલ/વેંચેલ/ભાડે આપેલ વાહનોની વિગતો પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢની કચેરીની એસ.ઓ.જી. શાખા, ઝાંઝરડા રોડ, જૂનાગઢ-૩૬૨૦૦૧ (ફોન નં. ૦૨૮૫-૨૬૩૫૧૦૧) ખાતે માસના અંતે અચૂક રજુ કરવાની રહેશે.

આ જાહેરનામું તા. ૦૮-૦૫-૨૦૨૫ થી તા. ૦૬-૦૭-૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર BNSS, 2023 ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ માંડવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આ જાહેરનામુ આજ રોજ જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

જુનાગઢ, ૦૬ માહે મે, સને ૨૦૨૫.

જાહેરનામુ

નં. એમએજી/સી/એ.બી.સી. ફોર્મ/ઈ-૮૦૭૦૭/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢના પત્ર ક્રમાક : એસ.ઓ.જી./જાહેરનામુ/એ-બી-સી-ફોર્મ/૩૭૯/૨૦૨૫, તા. ૦૨-૦૫-૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્તની વિગતે, હોટલ, ગેસ્ટહાઉસ, ધાબા, આશ્રમો, મંદિરો, મસ્જિદ, અતિથીગૃહ, વિશ્રામગૃહ, સમાજની વાડીઓ, લોજ, બોર્ડિંગ, ધર્મશાળા, મુસાફરખાના, યાત્રાળુ માટે રહેવાની સુવિધા ધરાવતા યાત્રાળુ નિવાસો, ફાર્મહાઉસ તથા રિસોર્ટ, પી.જી., સ્કુલ/કોલેજો, યુનિર્વસિટી અને હોસ્પીટલોમાં વિદેશી નાગરીકો જુદા જુદા કારણોસર આવી આવા સ્થળો ખાતે થોડો સમય રોકાણ કરી પર જતા રહેતા હોય છે. તેઓ કયા કયા સ્થળોએ જઈ કયાં રોકાણ કરેલ છે તેમજ તેમની મુલાકાતનું સાચુ કારણ જાણી શકાય તેવી સચોટ તેમજ અસરકારક વ્યવસ્થા હાલમાં ઉપલબ્ધ નથી. વધુમાં, ઉપરોકત જણાવેલ તમામ સ્થળોએ તેઓની વિગત લાંબા સમય સુધી રાખવામાં આવતી નથી. સમાન પ્રકારે વિદેશી નાગરિકો આવા સ્થળોએ રોકાણ કરી જિલ્લા/રાજ્યની હસ્પિટલોમાં તબીબી સારવાર લેતા હોય છે તેમજ જુદી-જુદી કોલજો અને યુનિવર્સિટીમાં પણ વિદેશી વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી અભ્યાસ કરતા હોય છે. આ બાબતનો લાભ કોઈ પણ આંતકવાદી કે રાષ્ટ્રવિરોધી તત્વો દેશની સંવેદનશીલ જગ્યાઅઓનો સર્વે કરી માહિતી લઈ દેશવિરોધી પ્રવૃતિઓમાં ઉપયોગ કરી શકે તેવી શકયતા નકારી શકાય નહિ. જેથી વિદેશી નાગરીકો કયા કારણથી ભારતમાં આવી કયા કાય સ્થળોની મુલાકાત લીધેલ, રોકાણની વિગતો, કયાંથી પરત ગયા, મુલાકાતનં સાચુ કારણ વિગેરે વિગતો મેળવી શકાય તેમજ ગતિવિધી ઉપર નજર રાખી શકાય તે માટે ભારત સરકારશ્રી દ્વારા ''આઈ.વી.એફ.આર.ટી.'' (ઈમીગ્રેશન, વિઝા અને ફોરનર્સ રજીસ્ટ્રેશન તથા ટ્રેકીંગ) પ્રોજેકટ શરૂ કરવામાં આવેલ છે અને આ પ્રોજેકટને દરેક દેશની એમ્બીસીઓ સાથે જોડી વિદેશી નાગરીકોની તમામ કાર્યવાહી સરકારશ્રી દ્વારા ઓનલાઈન કાર્યરત કરવામાં આવેલ છે. જેથી ઉપરોકત સ્થળો ઉપર અમુક નિયંત્રણો મુકવા જરૂરી હોવાનું જણાવી જૂનાગઢ જિલ્લા વિસ્તારના ઉપરોકત સ્થળોએ વિદેશી નાગરિકો/વિદ્યાર્થીઓ/મુલાકાતી આવે ત્યારે આ પ્રોજેકટ હેઠળ ઓનલાઈન જોઈ શકાય તે માટે www.indianfrrro.gov.in/frro વેબસાઈટ પર જરૂરી નોંધણી કરવા તથા આનુષંગિક સૂચનાઓની અમલવારી સારૂં જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

જૂનાગઢ જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વાજબી જણાય છે. આથી હું, એન. એફ. ચૌધરી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જૂનાગઢ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર જૂનાગઢ જિલ્લા વિસ્તારમાં નીચે મુજબ અમલવારી કરવા ફરમાન કરૂં છું.

અમલવારી :

(૧) ''આઈ.વી.એફ.આર.ટી.'' (ઈમીગ્રેશન, વિઝા અને ફોરનર્સ રજીસ્ટ્રેશન તથા ટ્રેકીંગ) પ્રોજેકટ હેઠળ હોટેલ, ગેસ્ટહાઉસ, ધાબા, આશ્રમો, મંદિરો, મસ્જિદ, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, સમાજની વાડીઓ, લોજ, બોર્ડિંગ, ધર્મશાળા, મુસાફરખાનાઓ, યાત્રાળુ માટે રહેવાની સુવિધા ધરાવતા યાત્રાળુ નિવાસો, ફાર્મ હાઉસ તથા રિસોર્ટ, પી.જી., સ્કુલ/કોલેજો, યુનિર્વસિટી અને હોસ્પીટલોના સંચાલક/માલિક પ્રથમ www.indianfrrro.gov.in/frro વેબસાઈટ ઉપર રજીસ્ટર થયા તેનો યુઝર આઈડી અને પાસવર્ડ જે તે સંસ્થા/માલીક તેમની પાસે રેકર્ડમાં રાખવાનું રહેશે તથા તેઓ રજીસ્ટર થયા તે અંગેની જાણકારી એસ.ઓ.જી. ઓફીસ, ઝાંઝરડા રોડ ખાતે મોકલી આપવાની રહેશે.

(૨) સબંધિત હોટલ, ગેસ્ટહાઉસ, ધાબા, આશ્રમો, મંદિરો, મસ્જિદ, અતિથીગૃહ, વિશ્રામગૃહ, સમાજની વાડીઓ, લોજ, બોર્ડિંગ, ધર્મશાળા, મુસાફરખાના, યાત્રાળુ માટે રહેવાની સુવિધા ધરાવતા યાત્રાળુ નિવાસો, ફાર્મહાઉસ તથા રિસોર્ટ, પી.જી., સ્કુલ/કોલેજો, યુનિર્વસિટી અને હોસ્પીટલોમાં જયારે વિદેશી નાગરીકો આવે ત્યારે સબંધિત સંસ્થા/સંચાલક દ્વારા www.indianfrrro.gov.in/frro/Form C વેબસાઈટ ઉપર જે તે સંસ્થા/માલીક દ્વારા તેમની સંસ્થાને અગાઉ રજીસ્ટર કરવામાં આવેલ છે. તે યુઝર આઈડી અને પાસવર્ડથી લોગઓન થી ફોર્મ-સી માં જે તે વિદેશી નાગરીકની તમામ સાચી વિગતો ભરી, ફોટો તેમજ અન્ય દસ્તાવેજો અપલોડ કરી, માહિતી સેવ કરી તેની પ્રિન્ટઆઉટ કઢાવી અને તેમાં જરૂરી જે તે સંસ્થા/માલિકની સહી સિકકા કરી, જે તે સંસ્થાના રેકર્ડમાં એક નકલ રાખવી અને એક નકલ એસ.ઓ.જી. કચેરી ઝાંઝરડા રોડ, જૂનાગઢ ખાતે મોકલી આપવાની રહેશે.

(૩) જૂનાગઢ જિલ્લામાં આવેલ તમામ સ્કુલ/કોલેજો, યુનિવર્સિટીઓમાં જયારે વિદેશી વિદ્યાર્થીઓ કે ફકલ્ટી આવે ત્યારે સબંધિત સંસ્થા/સંચાલક દ્વારા www.indianfrrro.gov.in/frro/Form A વેબસાઈટ ઉપર જે તે સંસ્થા/માલીક દ્વારા તેમની સંસ્થાને અગાઉ રજીસ્ટર કરવામાં આવેલ છે. તે યુઝર આઈડી અને પાસવર્ડથી લોગઓન થી ફોર્મ-એ માં જે તે વિદેશી વિદ્યાર્થીઓની તમામ સાચી વિગતો ભરી, ફોટો તેમજ અન્ય દસ્તાવેજ અપલોડ કરી, માહિતી સેવ કરી તેની પ્રિન્ટઆઉટ કઢાવી અને તેમાં જરૂરી જે તે સંસ્થા/માલિકની સહી સિકકા કરી, જે તે સંસ્થાના રેકર્ડમાં એક નકલ રાખવી અને એક નકલ એસ.ઓ.જી. કચેરી ઝાંઝરડા રોડ, જૂનાગઢ ખાતે મોકલી આપવાની રહેશે.

(૪) દરેક હોટલ, ગેસ્ટહાઉસ, ધાબા, આશ્રમો, મંદિરો, મસ્જિદ, અતિથીગૃહ, વિશ્રામગૃહ, સમાજની વાડીઓ, લોજ, બોર્ડિંગ, ધર્મશાળા, મુસાફરખાના, યાત્રાળુ માટે રહેવાની સુવિધા ધરાવતા યાત્રાળુ નિવાસો, ફાર્મહાઉસ તથા રિસોર્ટ, પી.જી., સ્કુલ/કોલેજો, યુનિર્વસિટી અને હોસ્પીટલોમાં જયારે વિદેશી મુસાફરો આવે ત્યારે ફોર્મ-સી નું રજીસ્ટર બનાવવું અને રજીસ્ટરમાં જણાવ્યા મુજબના વિદેશી મુસાફરની માહિતી રજીસ્ટરમાં નોંધવાની રહેશે.

(૫) અજાણ્યા વિદેશી વિજીટર્સનું બુકીંગ કરાવનાર વ્યકિત/કંપની/સંસ્થા/વેપારી પેઢી વિગેરેના પુરા નામ સરનામા ટેલીફોન નંબર સહીતના નકકર અધિકૃત પુરાવા મેળવવાના રહેશે.

(૬) અજાણ્યા/લોકલ રેફરન્સ સિવાયના વિદેશી મુસાફરોને જૂનાગઢ જિલ્લામાં કઈ જગ્યાએ કયા કામ માટે રોકાવાના છે તેની વિગતો મેળવવાની રહેશે.

(૭) જ્યારે કોઈ વિદેશી મુસાફર ઉપરોકત સ્થળોએ રોકાણ કરે ત્યારે મેન્યુઅલ ગેસ્ટ રજીસ્ટર ઉપરાંત ઓનલાઈન વેબ પોર્ટલ https://pathik.guru/ અને ww.indianfrrro.gov.in/frro/Form C એમ બન્નેમાં કરવાની રહેશે. તેમજ આ મુસાફરોએ આપેલ મોબાઈલ નંબર સાચો છે કે કેમ ? તે બાબતે ઉપરોકત સ્થળોની રીસેપ્શનમાં કામ કરનાર કર્મચારીએ કોલ કરી ખરાઈ કરવાની રહેશે.

(૮) વિદેશી મુસાફરોના પાસપોર્ટ, વિઝા ની ઝેરોક્ષ નકલ મેળવી તેના ઉપર મુસાફરની સહી લઈ ''આઈ.વી.એફ.આર.ટી.'' પોર્ટલ ઉપર ઓનલાઈન કરવાની રહેશે તથા એક નકલ રેકર્ડ ફાઈલમાં રાખવાની રહેશે.

(૯) હોટલમાં આવનાર વિદેશી મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક એસ.ઓ.જી. શાખાનો ટેલીફોન નંબર ૦૨૮૫-૨૬૩૫૧૦૧ તથા મો. ૭૫૭૫૦ ૬૧૧૦૧ અથવા સ્થાનિક પોલીસ અથવા તો પોલીસ કન્ટ્રોલરૂમ, જૂનાગઢ ટેલીફોન નંબર ૦૨૮૫-૨૬૩૬૦૩ તથા મો. ૯૫૧૨૨ ૧૧૧૦૦ પર જાણ કરવાની રહેશે.

(૧૦) સી.સી.ટી.વી. કેમેરા તથા તેના ત્રણ માસ સુધીના રેકોર્ડીંગનો બેકઅપ રાખવાનો રહેશે.

(૧૧) વિદેશી મુસાફરો જે વાહનમાં આવેલ હોય તે વાહનનો પ્રકાર, મેન્યુફેકચર કંપનીનું નામ, ટુ વ્હિલર/ફોર વ્હિલર રજીસ્ટર નંબનરી નોંધ મેન્યુઅલ ગેસ્ટ રજીસ્ટરમાં નોંધવાના રહેશે.

(૧૨) આ રોકાયેલ વિદેશી મુસાફરોને મળવા આવતા સ્થાનિક/અન્ય ઈસમો/મુલાકાતીઓની અલાયદી નોંધ રાખી તેઓની અસલ ફોટો આઈ.ડી. ચેક કરી તેની નકલ મેળવી અને મુલાકાત કર્યાની ખાસ નોંધ તેની માહિતી જે તે ગ્રાહકના ફોટો આઈ.ડી. સાથે ફાઈલ કરવાની રહેશે. સદર કાર્યવાહી કર્યા વિના કોઈપણ વ્યકિતને ઉપરોકત સ્થળોના માલીક/સંચાલક કે વહીવટકર્તા તેમની જગ્યા ભાડેથી રહેવા, મુલાકાત લેવા અથવા ધંધાકીય ઉપયોગમાં લેવા માટે આપી શકાશે નહી.

(૧૩) સંબધિત રજીસ્ટરો/રેકર્ડ, પોલીસ ઓફીસર વિઝીટ બુક, ઈમરજન્સી કોલ બુક રિસેપ્શન કાઉન્ટર પર રાખવાના રહેશે અને પોલીસ જયારે જોવા માંગે ત્યારે બતાવવાના રહેશે.

(૧૪) સી-ફોર્મ તથા એ-ફોર્મ લગતી ડેટા એન્ટ્રી કરવામાં તકલીફ પડતી હોય તો વિના વિલંબે તાત્કાલીક એલ.આઈ.બી. શાખા પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, જૂનાગઢનો સંપર્ક કરવાનો રહેશે.

આ જાહેરનામુ તા. ૦૮-૦૫-૨૦૨૫ થી તા. ૦૬-૦૭-૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર BNS-2023 ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ માંડવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આ જાહેરનામુ આજ રોજ જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

જુનાગઢ, ૦૬ માહે મે, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ની(૧)બી હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/જાહેરનામુ/ફાયરીંગ/ઈ-૮૧૪૧૧/૨૦૨૫.-પોલીસ મહાનિરીક્ષક અને આચાર્યશ્રી, પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના પત્ર ક્રમાંક : સીબી-૩એ/ફાયરીંગ/૧૧૮૯/૨૦૨૫, તા. ૩૦-૦૪-૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્ત વિગતે, તા. ૧૨-૦૫-૨૦૨૪ થી તા. ૧૪-૦૫-૨૦૨૫ સુધી તેઓની સંસ્થા ખાતે આવેલ ફાયરીંગ બટ પર ફાયરીંગ પ્રેકટીસ યોજનાર હોઈ, આ પ્રેકટીસ દરમ્યાન ફાયરીંગના સ્થળની આજુબાજુનાં વિસ્તારમાં લોકોના પ્રવેશ પર પ્રતિબંધ મુકવા માટે દરખાસ્ત થઈ આવેલ છે.

રજુ થયેલ દરખાસ્તની વિચારણા કરતા, ઉકત ફાયરીંગ પ્રેકટીસ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતી હોઈ જાહેર સલામતીનાં હેતુસર, હું, એન. એફ. ચૌધરી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફાયરીંગ બટના આજુ-બાજુના ૧-કી.મી. વિસ્તારમાં રાહદારીઓ તેમજ વાહનોની પ્રવેશ બંધી ફરમાવું છું.

આ જાહેરનામુ તા. ૧૨-૦૫-૨૦૨૫ થી તા. ૧૪-૦૫-૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી સવારનાં ૦૬-૦૦ બપોરના ૧૯-૦૦ કલાક સુધી (દૈનિક ધોરણે) અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ-આંક-૨૨ની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજ રોજ જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૦૬ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગિરક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

જાહેરનામુ

નં. એમએજી/સી/ઈલે. સાયકલ-સ્કુટર/ઈ-૮૦૨૧૮/૨૦૨૫.-પોલીસ અધીક્ષકશ્રી, જૂનાગઢના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./સાયકલ-સ્કુટર/જાહેરનામુ/૩૮૦/૨૦૨૫, તા. ૦૨-૦૫-૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્ત ની વિગતે, ભૂતકાળમાં જાહેર જનતાની અવર-જવર વધુ પ્રમાણમાં થતી હોય તેવા જાહેર સ્થળો/જગ્યાઓ પર સાયકલ, મોટર સાયકલ કે ફોર વ્હીલરમાં બોમ્બ જેવી વિસ્ફોટક સામગ્રીઓ ગોઠવીને બ્લાસ્ટ થકી ભયાવહ કૃત્યને અંજામ આપવામાં આવેલ હોવાનું તથા ભવિષ્યમાં પણ આવી ઘટનાઓની શકયતાને નકારી શકાય નહિ. તેવું જણાવી જૂનાગઢ જિલ્લામાં સાયકલ તેમજ બેટરીથી ચાલતા સ્કૂટર, ઈલેકટ્રીક ટુ વ્હીલર/થ્રી વ્હીલર/ફોર વ્હીલર વેચનાર દુકાનો ધરાવનાર માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટો દ્વારા આવા વાહનોના વેંચાણ સમયે નીચે જણાવ્યા અનુસારની સૂચનાઓની અમલવારી કરવા સૂચનાઓ પ્રસિધ્ધ કરતું ભારતીય નાગરિક સુરક્ષા સંરિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજૂ થયેલ છે.

જૂનાગઢ જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વાજબી જણાય છે. આથી હું એન. એફ. ચૌધરી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ ભારતીય નાગરિક સુરક્ષા સંરિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં સાયકલ તેમજ બેટરીથી ચાલતા સ્કૂટર, ઈલેકટ્રીક ટુ વ્હીલર/થ્રી વ્હીલર/ફોર વ્હીલર વેચનાર દુકાનો ધરાવનાર માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ આવા સાયકલ/સ્કૂટર, ઈલેકટ્રીક ટુ વ્હીલર, થ્રી વ્હીલર, ફોર વ્હીલર વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સૂચનાઓનું અવશ્ય પાલન કરવાનું રહેશે.

અમલવારી :

૧. સાયકલ/સ્કૂટર, ઈલેકટ્રીક ટુ વ્હીલર/થ્રી વ્હીલર/ફોર વ્હીલર ખરીદનારને અવશ્ય બિલ આપવું અને તેની સ્થળ પ્રત કબજામાં રાખવી.

૨. વેંચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાઈસન્સ, પાનકાર્ડ, ચૂંટણી ઓળખકાર્ડ, રેશનકાર્ડ, આધારકાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાનું

ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઈ પણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર, પ્રમાણપત્ર પૈકી કોઈ પણ એક વૈદ્ય (Valid) પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ/બેટરીથી સંચાલિત વાહન વેંચાણ કરનારે મેળવવાનો રહેશે.

૩. વેંચાણ બિલમાં ખરીદરનારનું પુરૂં નામ, સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

૪. વેંચાણ બિલમાં સાયકલ/બેટરીથી સંચાલિત વાહનના ફ્રેમ નંબર/ચેસીસ નંબર અવશ્ય લખવા.

આ જાહેરનામું તા. ૧૨-૦૫-૨૦૨૫ થી તા. ૧૦-૦૭-૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર BNSS, 2023 ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ માંડવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આ જાહેરનામુ આજરોજ જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

જુનાગઢ, ૦૬ માહે મે, સને ૨૦૨૫.

સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનુ

જાહેરનામુ

નં. એમએજી/સી/જાહેરનામુ/૩૭(૩)/ઈ-૮૧૦૦૦/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામુ/સભા-સરઘસ/૨૧૯૯/૨૦૨૫, તા. ૦૧-૦૫-૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્ત વિગતે, તેમાં જણાવેલ કારણોસર તકેદારી રાખવી આવશ્યક હોવાનું જણાવી જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુસર વગર પરવાનગીએ કોઈ સભા-સરઘસ કાઢે નહીં તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતીની જાળવણી સારૂ પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતી હોઈ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂએ હું, એન. એફ. ચૌધરી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૫-૦૫-૨૦૨૫ થી તા. ૧૮-૦૫-૨૦૨૫ (બંન્ને દિવસો સહીત દરમ્યાન પરવાનગી વિના કોઈ પણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું.

આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડને પાત્ર થશે.

આ જાહેરનામુ આજ રોજ જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૦૨ માહે મે, સને ૨૦૨૫.

સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનુ

જાહેરનામુ

નં. એમએજી/સી/જાહેરનામુ/૩૭(૩)/ઈ-૨૦૬૫૬૦/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામુ/સભા-સરઘસ/૧૯૮૯/૨૦૨૫, તા. ૧૫-૦૪-૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્ત વિગતે, તેમાં જણાવેલ કારણોસર તકેદારી રાખવી આવશ્યક હોવાનું જણાવી જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુસર વગર પરવાનગીએ કોઈ સભા-સરઘસ કાઢે નહીં તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતીની જાળવણી સારૂ પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતી હોઈ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂએ હું, એન. એફ. ચૌધરી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૦-૦૪-૨૦૨૫ થી તા. ૦૩-૦૫-૨૦૨૫ (બંન્ને દિવસો સહીત દરમ્યાન પરવાનગી વિના કોઈ પણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું.

આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડને પાત્ર થશે.

આ જાહેરનામુ આજ રોજ જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૧૭ માહે મે, સને ૨૦૨૫.

એન. એફ. ચૌધરી
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩(૧) હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/જાહેરનામુ/બકરી ઈદ/૪૧૬૩૩૯/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/બકરીઈદ/૨૬૫૭/૨૦૨૫, તા. ૨૮-૦૫-૨૦૨૫ ના પત્રથી થઈ આવેલ દરખાસ્તની વિગતે, આગામી તા. ૦૭-૦૬-૨૦૨૫ ના રોજ મુસ્લીમ બિરાદરોનો પવિત્ર તહેવાર ''બકરી ઈદ'' ઉજવવામાં આવનાર છે. સદરહું તહેવારને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થા જાળવાઈ રહે તે હેતુસર કોઈ પણ ઢોર, પશુઓની કતલખાના બહાર જાહેર જગ્યાઓએ કે શેરીઓમાં કતલ કરવા પર તા. ૦૫-૦૬-૨૦૨૫ થી તા. ૦૯-૦૬-૨૦૨૫ સુધી દિન-૫ માટે તહેવારના આગલા તથા પાછલા દિવસો સહિત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩(૧) હેઠળ પ્રતિબંધ ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત અત્રે રજૂ થયેલ છે. જે દરખાસ્ત અંગે વિચારણા કરતાં વ્યાજબી જણાય છે.

આથી હું, કે. બી. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુ નાગઢ જિલ્લો, જુનાગઢ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ તા. ૦૫-૦૬-૨૦૨૫ થી તા. ૦૯-૦૬-૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) કતલખાનાની બહાર જાહેર જગ્યાઓએ કે શેરીઓમાં કોઈપણ ઢોર, પશુઓની કતલ કરવી નહી કે કરાવવી નહીં.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત BNS-2023 ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામાનાં ભંગ સબબ ગુનો માંડવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરનાં પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું આજ રોજ જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૦૪, માહે જૂન, સને ૨૦૨૫.

જાહેરનામુ

નં. એમએજી/સી/પથીક/જાહેરનામુ/ઈ-૩૮૦૧૬૫/૨૦૨૪.-પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢના પત્ર ક્રમાક : એસ.ઓ.જી./જાહેરનામુ/પથિક સોફવેર/૪૮૩/૨૦૨૫, તા. ૨૪-૦૫-૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્તની વિગતે, ત્રાસવાદી/ અસામાજિક તત્વો જિલ્લાના વિસ્તારોમાં આવેલ હોટલ, ગેસ્ટહાઉસ, ધાબા, આશ્રમો, મંદિરો, મસ્જિદ, અતિથીગૃહ, વિશ્રામગૃહ, સમાજની વાડીઓ, લોજ, બોર્ડિંગ, ધર્મશાળા, મુસાફરખાના, યાત્રાળુ માટે રહેવાની સુવિધા ધરાવતા યાત્રાળુ નિવાસો, ફાર્મહાઉસ તથા રિસોર્ટમાં ગુપ્ત આશરો મેળવી ગેરકાયદેસર પ્રવૃતિઓ હાથ ધરતા હોઈ, તેમજ તેઓ આવા આશ્રયસ્થાનો ઉપર રહી જિલ્લાની ભીડભાડવાળી જગ્યાઓ, મોટી હોસ્પિટલો, આધોગિક એકમો, સરકારી કચેરીઓ, વાઈટલ ઈન્સ્ટોલેશન, અતિસંવેદનશીલ જગ્યાઓનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી/ભાંગફોડીયા પ્રવૃતિઓને અંજામ આપતા હોઈ, જેથી ઉપરોકત સ્થળો ઉપર અમુક નિયંત્રણો મુકવા દેશની સુરક્ષા માટે ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો તથા અમુક બનાવો આધારે અનુભવે જરૂરી હોવાનું જણાવી જૂનાગઢ જિલ્લા વિસ્તારના ઉપરોકત સ્થળોએ રહેવાની સુવિધા કોઈપણ વ્યકિતઓને પુરી પાડે ત્યારે તેની એન્ટ્રી ૨૪ કલાકમાં પોલીસ દ્વારા તૈયાર કરાયેલ ઓનલાઈન વેબપોર્ટલ http://pathik.guru/ માં કરવા તથા આનુષંગિક સૂચનાઓની અમલવારી સારૂં જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

જૂનાગઢ જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વાજબી જણાય છે. આથી હું, કે. બી. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જૂનાગઢ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર જૂનાગઢ જિલ્લા વિસ્તારમાં નીચે મુજબ અમલવારી કરવા ફરમાન કરૂં છું.

અમલવારી :

૧. હોટેલ, ગેસ્ટહાઉસ, ધાબા, આશ્રમો, મંદિરો, મસ્જિદ, અતિથીગૃહ, વિશ્રામગૃહ, સમાજની વાડીઓ, લોજ, બોર્ડિંગ, ધર્મશાળા, મુસાફરખાના, યાત્રાળુ માટે રહેવાની સુવિધા ધરાવતા યાત્રાળુ નિવાસો, ફાર્મહાઉસ તથા રિસોર્ટની જૂનાગઢ જિલ્લાની એસ.ઓ.જી. શાખાની ઓફિસમાં રજિસ્ટર કરાવી વેબ પોર્ટલ http:"//pathik.guru/ માટેના યુઝર આઈ.ડી. પાસવર્ડ મેળવી લઈ રોજે રોજ આવતા તમામ રોકાણ કરતા મુસાફરોની રજિસ્ટરમાં નોંધ કરવી ત્યારબાદ ૨૪ કલાકની અંદર ઓનલાઈન પોર્ટલમાં એન્ટ્રી કરવી. તે સિવાય કોઈ વ્યકિતને ઉપરોકત સ્થળોના માલિકો/સંચાલકો/મેનેજરો ભાડે/વગર ભાડેથી આપી શકાશે નહી.

૨. ઉપરોકત સ્થળોમાં મુસાફર આવે ત્યારે તમામ મુસાફરોની મેન્યુઅલ ગેસ્ટ રજિસ્ટર (Manual Guest Arrival-Departure Register) ઉપરાંત ઓનલાઈન વેબ પોર્ટલ http://pathik.guru/ માં જણાવેલ તમામ માહિતીની સચોટ ડેટા એન્ટ્રી તેઓના લીધેલ આઈ.ડી. પ્રુફ મુજબની પુરા નામ સરનામા સાથે ૨૪ કલાકમાં કરવાની રહેશે. (તમામ ભારતીય મુસાફરોની ફોટો આઈ.ડી. તરીકે તેઓના અસલ આધારકાર્ડ/ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાઈસન્સ/પાનકાર્ડ) ચેક કરી તતેને અપલોડ કરવાના રહેશે. ફોટો આઈ.ડી. પ્રૂફ તરીકે ઝેરોકસ કોપી મેળવી તે ઉપર તેઓની સહી લેવાની રહેશે.

૩. આ રોકાયેલ વિદેશી/ભારતીય મુસાફરોને મળવા આવતા સ્થાનિક/અન્ય ઈસમો/મુલાકાતીઓની અલાયદી નોંધ રાખી તેઓના અસલ ફોટો આઈ.ડી. ચેક કરી તેની નકલ મેળવી અને મુલાકાત કર્યાની ખાસ નોંધ તેની માહિતી જે તે ગ્રાહકના ફોટો આઈ.ડી. સાથે ફાઈલ કરવાની રહેશે. સદર કાર્યવાહી કર્યા વિના કોઈપણ વ્યકિતને ઉપરોકત સ્થળોના માલિક/સંચાલક કે વહીવટકર્તા તેમની જગ્યા ભાડેથી રહેવા, મુલાકાત લેવા અથવા ધંધાકીય ઉપયોગમાં લેવા માટે આપી શકશે નહી.

૪. ઉપરોકત સ્થળોના માલિકો/સંચાલકો/મેનેજરો કોઈપણ વ્યકિતઓને ભાડે/વગર ભાડે આપે ત્યારે તે અનુસંધાને સ્થાનિક/પરપ્રાંતિય/ભારતીય અને વિદેશી મુસાફરો/નાગરિકોની રજિસ્ટરમાં તથા ૨૪ કલાકમાં પથિક વેબપોર્ટલ http://pathik.guru/ માં ડેટાએન્ટ્રી કરવાની રહેશે અને તે અંગેનો રોજેરોજનો સમરી રીપોર્ટ (Export Report) અને તેની સાથે તેઓના આઈ.ડી. પ્રુફની નકલ તથા "C" ફોર્મ હાર્ડકોપીમાં નિયમિત ધોરણે રોજે રોજ ૨૪ કલાકની મર્યાદામાં જનરેટ કરી તેમની અલાયદી ફાઈલ બનાવી રેકર્ડમાં રાખવાની રહેશે તથા વિદેશી નાગરિકોની ડેટા એન્ટ્રી પથિક વેબપોર્ટલ ઉપરાંત FRRO Modual (IVERT) સોફટવેર "C" ફોર્મ બંનેમાં કરવાની રહેશે. આ કામગીરી અર્થે રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કમનેકટીવીટી સાથેનું કોમ્પ્યુટર/પૂરતી વ્યવસ્થા ફરજિયાત રાખવાની રહેશે.

૫. અજાણ્યા ભારતીય/વિદેશી વિઝીટર્સનું બુકીંગ કરાવનાર વ્યકિત/કંપની/સંસ્થા/વેપારી પેઢી વિગેરેના પુરા નામ સરનામા ટેલીફોન નંબર સહિતના નકકર અધિકૃત પુરાવા મેળવવાના રહેશે.

૬. અજાણ્યા/લોકલ રેફરન્સ સિવાયના ભારતીય/વિદેશી મુસાફરોને જિલ્લામાં કઈ જગ્યાએ કયા કામ માટે રોકાવાના છે તેની વિગતો મેળવવાની રહેશે.

૭. આવનાર તમામ મુસાફરોના મોબાઈલ નંબર/ઈ-મેઈલ આઈ.ડી. મેન્યુઅલ ગેસ્ટ રજિસ્ટર ઉપરાંત ઓનલાઈન વેબપોર્ટલ http://pathik.guru/ માં નોંધવાના રહેશે અને આ મુસાફરોએ આપેલ મોબાઈલ નંબર સાચો છે કે કેમ? તે બાબતે ઉપરોકત સ્થળોના રિસેપ્શનમાં કામ કરનાર કર્મચારીએ કોલ કરી ખરાઈ કરવાની રહેશે.

૮. હોટલમાં આવનાર કોઈપણ મુસાફરની શંકાસ્પદ હિલચાલ જણાયેથી તાત્કાલીક એસ.ઓ.જી. શાખા અથવા સ્થાનિક પોલીસ અથવા તો પોલીસ કન્ટ્રોલરૂમ જૂનાગઢને જાણ કરવાની રહેશે.

૯. સી.સી.ટી.વી. કેમેરા તથા તેના ત્રણ માસ સુધીના રેકોર્ડિંગનો બેકઅપ રાખવાનો રહેશે.

૧૦. મુસાફરો જે વાહનમાં આવેલ હોય તે વાહનોના પ્રકાર, મેન્યુફેકચર કંપનીનું નામ, ટુ વ્હીલર/ફોર વ્હીલર અને રજિસ્ટર નંબરની નોંધ મેન્યુઅલ ગેસ્ટ રજિસ્ટર ઉપરાંત ઓનાલાઈન વેબ પોર્ટલ http://pathik.guru/ માં કરવાની રહેશે.

૧૧. આકસ્મિક આગ લાગે ત્યારે તે માટેના આગ ઓલાવવાના fire extinguisher પૂરતા પ્રમાણમાં રાખવાના રહેશે.

૧૨. પથિક વેબપોર્ટલ સંબંધિત રજિસ્ટરો/રેકર્ડ, પોલીસ ઓફિસર વિઝીટ બૂક, ઈમરજન્સી કોલ બૂક રિસેપ્શન કાઉન્ટર પર રાખવાના રહેશે અને પોલીસ જ્યારે જોવા માંગે ત્યારે બતાવવાના રહેશે.

૧૩. ઉપરોકત સ્થળોએ કામ કરતા તમામ માલિકો/ભાગીદારો/મેનેજરો/રિસેપ્શનીસ્ટ/અન્ય કર્મચારીઓ સહિત તમામ કર્મચારીઓના હાલના તથા વતનના નામ સરનામા અને મોબાઈલ નંબરોની અદ્યતન માહિતીની યાદિ રીસેપ્શન પર રાખવાની રહેશે અને તમામ કર્મચારીઓના પોલીસ વેરીફીકેશન દર છ માસે એસ.ઓ.જી. શાખા અથવા સ્થાકિ પોલીસ સ્ટેશને કરાવી લેવાના રહેશે અને તેની એક નકલ રીસેપ્શન કાઉન્ટર ઉપર રાખવાની રહેશે.

૧૪. http://pathik.guru/ વેબ પોર્ટલ ને લગતી ડેટા એન્ટ્રી કરવામાં તકલીફ પડતી હોય અથવા પથિક વેબ પોર્ટલ બંધ આવતો હોય તો વિના વિલંબે તાત્કાલીક એસ.ઓ.જી. શાખા જૂનાગઢ જિલ્લાનો સંપર્ક કરવાનો રહેશે તથા કોઈ પણ સંજોગોમાં તમામ મુસાફરોની ડેટા એન્ટ્રી ૨૪ કલાકમાં કરવાની બાકી રાખવાની રહેશે નહિ.

આ જાહેરનામુ તા. ૦૫-૦૬-૨૦૨૫ થી તા. ૦૩-૦૮-૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર BNS, 2023 ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ માંડવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આ જાહેરનામુ આજરોજ જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

જુનાગઢ, ૦૪ માહે જુન, સને ૨૦૨૫.

સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨) ની કલમ-૩૭(૧) અન્વયેનુ

જાહેરનામું

નં. એમએજી/સી/જાહેરનામુ/૩૭(૧)/૩૦૫૯/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામુ/હથિયારબંધી/૩૪૫૯/૨૦૨૫, તા. ૨૦-૦૬-૨૦૨૫ થી આવેલ દરખાસ્ત વિગતે, તેમાં દર્શાવેલ કારણોસર તકેદારી રાખવી આવશ્યક હોવાનું જણાવી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

જાહેર સુલેહ-શાંતિ તથા કાયદો વ્યવસ્થા યોગ્ય રીતે જળવાય રહે/કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતી હોઈ, હું કે. બી. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ જૂનાગઢ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં તા. ૨૪-૦૬-૨૦૨૫ થી તા. ૨૨-૦૭-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધી તમામ વ્યકિતઓએ નીચે પ્રમાણે અમલવારી કરવા ફરમાન કરૂ છું.

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અસ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરૂચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા માટે પોલીસ હેડ કોનસ્ટેબલ તથા તેનાથી ઉપરની કક્ષાનાં પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામુ આજ રોજ જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૨૨ માહે જુન, સને ૨૦૨૫.

સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનુ

જાહેરનામુ

નં. એમએજી/સી/જાહેરનામુ/૩૭(૩)/ઈ-૨૮૦૫૬૬/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામુ/સભા-સરઘસ/૩૪૫૮/૨૦૨૫, તા. ૨૦-૦૬-૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્ત વિગતે, તેમાં જણાવેલ કારણોસર તકેદારી રાખવી આવશ્યક હોવાનું જણાવી જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુસર વગર પરવાનગીએ કોઈ સભા-સરઘસ કાઢે નહીં તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતીની જાળવણી સારૂ પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતી હોઈ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂએ હું, કે. બી. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૬-૦૬-૨૦૨૫ થી તા. ૦૯-૦૭-૨૦૨૫ (બંન્ને દિવસો સહીત દરમ્યાન પરવાનગી વિના કોઈ પણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું.

આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડને પાત્ર થશે.

આ જાહેરનામુ આજ રોજ જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૨ માહે જુન, સને ૨૦૨૫.

સને ૧૯૫૧નાં ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૪૩(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/જાહેરનામુ/પરબમેળો/ઈ-૨૭૭૩૨૬/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના તા. ૨૦-૦૬-૨૦૨૫ નાં પત્ર ક્ર. સી/એલ.આઈ.બી./પરબમેળો/૩૪૦૭/૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્ત વિગતે, જુનાગઢ જિલ્લાનાં ભેંસાણ તાલુકામાં આવેલ પરબવાવડી ખાતે તા. ૨૫-૦૬-૨૦૨૫ થી તા. ૨૮-૦૬-૨૦૨૫ સુધી પરંપરાગત અષાઢી બીજનો લોકમેળો યોજાનાર હોઈ, આ મેળામાં લાખોની સંખ્યામાં યાત્રીકો એકત્રીત થવાની શકયતા રહેલી હોઈ, ઉકત સમય દરમ્યાન લોકોનાં જાહેર આરોગ્યને નુકશાન ન થાય અને ચેપી રોગોના ઉપદ્રવ થવા ન પામે તે માટે સાવચેતીના પગલાં લેવાગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ આંક-૨૨ની કલમ ૪૩(૧) હેઠળનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી થઈ આવેલ દરખાસ્ત વિચારણા હેઠળ લેતા, જાહેર સ્વાસ્થ્ય અને સુખાકારી જળવાઈ રહે તે હેતુસર થઈ આવેલ દરખાસ્ત વાજબી અને ઉચીત જણાય છે.

સબબ હું, કે. બી. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ આંક-૨૨ની કલમ-૪૩(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ તા. ૨૫-૦૬-૨૦૨૫ થી તા. ૨૮-૦૬-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) નાં સમયગાળા દરમ્યાન ઉકત મેળા સ્થલનાં વિસ્તારમાં નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

(૧) લોકોને પીવાનું પાણી દુષીત થાય કે ઉપયોગમાં લઈ શકાય નહિ તેવા પાણી સંબંધી કોઈ કૃત્યો કરવા નહી.

(૨) જાહેર આરોગ્યને નુકશાન થાય તેવા ખાદ્યપદાર્થો ખુલ્લા રાખી વેચાણ કરવુ નહી.

(૩) જાહેર આરોગ્ય ખાતાનાં કર્મચારીઓ તરફથી મળતી સુચના વિરૂધ્ધ ગંદકી કરવી નહી.

(૪) ચેપી રોગચાળા ધરાવતા શખ્સએ મેળામાં દાખલ થવું નહિ.

ઉપરોકત બાબતે દેખરેખ રાખવા અને જાહેર આરોગ્ય સંબંધી પગલા લેવા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જુનાગઢ તથા તેઓએ નિયુકત કરેલ અધિકારી/કર્મચારીઓને અધિકાર આપવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૯માં જણાવેલ શિક્ષાને તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૩૯ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે. જેના ભંગ બદલ ગુનો માંડવા માટે પોલીસ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાનાં અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું આજ રોજ જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૨૧ માહે જુન, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

જાહેરનામુ

નં. એમએજી/સી/જાહેરનામુ/સરકારી કચેરી/ઈ-૮૨૨૭૨/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/૨૦૦મી./જાહેરનામુ/૨૯૦૪/૨૦૨૫, તા. ૦૬-૦૬-૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્ત વિગતે, તેમાં દર્શાવેલ કારણોસર કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ન ઉદભવે તે માટે જરૂરી નિયમન હેતુસર સમગ્ર જિલ્લામાં આવેલ તમામ સરકારી કચેરીઓનાં વિસ્તારમાં તેમાં દર્શાવ્યાનુસારનાં કૃત્યો કરવા માટે પ્રતિબંધ ફરમાવવા સારૂં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટે દરખાસ્ત થઈ આવેલ છે.

સરકારી કચેરીઓનાં વિસ્તારમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા રજુઆતકર્તાઓ તથા સરકારી વહીટનું જાહેર હીત જળવાઈ રહે તથા કોઈ જાન/માલને નુકશાન ન થાય

તે હેતુસર રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી અને ઉચિત જણાય છે.

સબબ,હું, કે. બી. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી થઈ આવેલ દરખાસ્ત અનુસાર જુનાગઢ જિલ્લામાં આવેલ તમામ સરકારી કચેરીઓનાં વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ મુકવા ફરમાન કરૂ છું.

(૧) કોઈએ ઉપવાસ ધરણા ઉપર બેસવું નહી.

(૨) જાહેર સુલેહશાંતિ જોખમાય તેવા સુત્રોચ્ચાર કરવા નહી.

(૩) કોઈ પણ વ્યકિતએ લાઠી અગર ઈજા થાય તેવા હથિયાર સાથે સરકારી કચેરીમાં પ્રવેશ કરવો નહી.

(૪) કોઈ સ્ફોટક પદાર્થ અથવા આગ લાગે તેવા પદાર્થો સાથે રાખવા નહી.

(૫) ચાર કે તેથી વધુ માણસોએ ભેગા થવુ નહી કે સરકારી કચેરીમાં અતિક્રમણ કરવુ નહી.

(૬) સરકારી કચેરી આસપાસ કે સરકારી કચેરીના પરિસરમાં ગંદકી/કચરો કરવો નહી.

આ જાહેરનામુ તા. ૧૬-૦૬-૨૦૨૫ થી તા. ૧૪-૦૮-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત BNS-2023 ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાણ જાહેર જનતાને થાય તે સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ જાહેરનામુ આજ રોજ જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

જુનાગઢ, ૧૨ માહે જુન, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-(૧)(બી)(સી) અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/જાહેરનામુ/જાહેરમાર્ગ/ઘાસચારો/રખડતા ઢોર/૧૫૭૩૦૪/૨૦૨૫.-કમિશનરશ્રી, મહાનગરપાલીકા, જુનાગઢના પત્ર ક્ર. જુ.મ.ન.પા./એ.ડી.એમ./કે.પા./જા.નં. ૨૩૭/૨૦૨૫, તા. ૦૨-૦૬-૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્તની વિગતે, મહાનગરપાલીકા, જુનાગઢના વિસ્તારમાં જાહેર રસ્તાઓ ઉપર ઘાસચારો નાખવા તથા વેચવા પર પ્રતિબંધ ફરમાવવા તથા માલીકીનાં ઢોરને જાહેર રસ્તા ઉપર છોડી મુકવા કે રખડતા ભટકતા રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

ઉકત વિગતે થઈ આવેલ દરખાસ્ત અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢનાં તા. ૧૧-૦૬-૨૦૨૫ ના પત્ર ક્ર. સી/એલ.આઈ.બી./જાહેરનામુ/૩૦૩૭/૨૦૨૫ થી ઉકત દરખાસ્તને સમર્થનકારી અભિપ્રાય થઈ આવેલ છે.

સબબ, વાહન ચાલકો અને જાહેર જનતાની સલામતી જળવાઈ રહે તથા ટ્રાફિક નિયમન થઈ શકે તેમજ મનુષ્યનાં જાન, સ્વાસ્થ્ય તથા સલામતી જળવાઈ રહે તે માટે થઈ આવેલ દરખાસ્ત/અભિપ્રાય ઉચીત હોવાનું જણાતુ હોઈ, હું કે. બી. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી)(સી) થી મળેલ અધિકારની રૂએ નીચે મુજબ અમલવારી કરવાનું ફરમાવું છું.

અમલવારી :

(૧) જુનાગઢ મહાનગરપાલીકાનાં વિસ્તારોમાં જાહેર માર્ગો, ફુટપાથ તથા જાહેર સ્થળો ખાતે કોઈ પણ વ્યકિતએ ઘાસચારાનું વેચાણ કરવું નહિ કે જાહેરમાં ઘાસચારો નાખવો નહિ.

(૨) જુનાગઢ મહાનગરપાલીકાનાં વિસ્તારોમાં માલિકીનાં ઢોરને જાહેરમાં તેમજ રસ્તાઓ ઉપર છોડી મુકવા નહિ કે રખડતા ભટકતા રહે તે રાખવા નહિ.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર BNS-2023 ની કલમ-૨૨૩ મુજબ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામુ તા. ૧૩-૦૬-૨૦૨૫ થી તા. ૧૧-૦૮-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામુ આજ રોજ જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૨ માહે જુન, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) 'એન' અને 'ઓ' અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/જાહેરનામુ/મહોરમ/૦૨/૨૦૨૫.-પોલીસ અધીક્ષકશ્રી, જૂનાગઢના પત્ર નં.સી/એલઆઈબી/મહોરમ/જાહેરનામુ/૩૪૧૧/૨૦૨૫, તા. ૨૦-૦૬-૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્ત વિગતે, મહોરમના તહેવાર દરમ્યાન મુસ્લિમ સમાજનાં લોકો દ્વારા ઝુલુસ તાજીયા કાઢવામાં આવતા હોઈ, જેમાં બહોળી સંખ્યામાં લોકો ભાગ લેતા હોઈ, જેથી કાયદો અને વ્યવસ્થા તથા લોકોમાં સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુસર જૂનાગઢ જિલ્લામાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની ક.-૩૩(૧)(એન)(ઓ) મુજબનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તથા ઉકત તહેવાર દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર થઈ આવેલ દરખાસ્ત વ્યજબી જણાતી હોય, હું કે. બી. પટેલ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩(૧) ''એન'' અને ''ઓ'' અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ નીચે મુજબ ફરમાવું છું.

(૧) તાજીયા, પંજો ડોલી, હાથી, ઘોડા ફેરવવા માટે સબંધકર્તા વિભાગના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી પાસેથી ઠરાવેલ મુદતમાં પરવાનગી અગાઉથી મેળવવી પડશે.

(૨) આવી પરવાનગી પરાપૂર્વથી ફેરવવામાં આવતા તાજીયા માટે અગર માનતાના તાજીયા માટે મુસ્લીમ કોમના કોઈપણ શખ્સને ઉપરોકત શરત નંબર એકમાં જણાવેલ પરવાનગી મેળવનાર શખ્સોએ જ્યારે કોઈપણ પોલીસ અધિકારીશ્રી પરવાનગી જોવા માંગે ત્યારે રજુ કરવી પડશે.

(૩) પરવાનગી મેળવનાર શખ્સ પોતે તેમના તાજીયા, પંજો, ડોલી, હાથી, ઘોડા સાથે ફરતી મંડળીના સરઘસના કારણે ફરતા માણસોની વર્તણુંક અને સુલેહશાંતિ ભરી રસમો માટે તે પોતે જ જવાબદાર રહેશે. કોઈ પણ શખ્સ અગર મંડળી અથવા સરઘસની વર્તણુંકને અવ્યવસ્થિત અથવા સુલેહશાંતિ માટે જોખમકારક જણાયે તેઓને આપવામાં આવેલ પરવાનગી રદ કરવામાં આવશે.

(૪) જે તે ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી દ્વારા અપાયેલ પરવાનગીમાં દર્શાવેલ માર્ગને આધિન રહીને પરવાનગી મેળવનાર શખ્સ પોતાના તાજીયા, પંજો, ડોળી, હાથી, ઘોડા સરઘસમાં ફેરવી શકશે. પરવાનગીમાં મુકરર કરેલ સ્થળે વાજીંત્ર વગાડી શકશે.

(૫) ઢોલ અથવા બીજા કોઈ પણ વાજીંત્રો વગાડવા માટેની પરવાનગી તા. ૨૭-૦૬-૨૦૨૫ થી તા. ૦૭-૦૭-૨૦૨૫ સુધી અપવામાં આવશે.

(૬) શહાદતની રાત્રે સાંજના ૫-૦૦ (પાંચ) અને બીજા દિવસની સવારના ૨-૦૦ (બે) વાગ્યા સમય દરમ્યાન સરઘસ ફેરવી શકાશે. તાજીયા દરમ્યાન દફન અને ઠંડા કરવાના દિવસે બપોરના ૨-૩૦ થી બીજા દિવસના સવારના ૬-૦૦ કલાક સુધીમાં સરઘસ અને તાજીયાની ક્રિયા પુરી કરવાની રહેશે. આ હુકમનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૭) રસ્તા ઉપર તાજીયા અગર મંડળી વિગેરેની લાંબા સમય સુધી એક રસ્તા ઉપર રાખી શકાશે નહી કે થોભી શકાશે નહિ. સ્થળ ઉપર હાજર રહેલા પોલીસ અધિકારીશ્રીઓના હુકમને આધિન રહી વધુમાં વધુ પાંચ મીનીટમાં તાજીયા અગર તેની ડોળી મંડળને ચોકારીને આગળ વધવું પડશે.

(૮) પરાપૂર્વથી ચાલતાં આવેલ અને પરવાનગીમાં દર્શાવેલ ક્રમ પ્રમાણે તાજીયા સાર્વજનિક રસ્તા ઉપર એક પછી એક લઈ જવા પોલીસ ઈન્સ્પેકટર અને પોલીસ સબ ઈન્સ્પેકટર દ્વારા દર સાલનાં આધારે આપેલ અનુક્રમ નંબર એક પછી એક લાઈનમાં ચલાવવા અને જયારે સામસામા તાજીયા આવે ત્યારે પછી દરેક તાજીયા અગર મંડળીઓ તેમની ડાબી બાજુએ રહીને સામેથી આવનાર તાજીયાને રસ્તો આપવો. ગાડી અગર ઘોડા ઉપર સવાર તથા માણસ મળે તો તાજીયા સામે જનાર શખ્સોએ તે વાજીંત્ર બંધ કરી ડાબી બાજુએથી તાજીયા વિગેરે લઈને આગળ વધવું અને તાજીયા એક એક પાછળ બીજો આવે તે રીતે પોતપોતાની ગલી આવતી હોઈ તે ગલીના નાકે થોભવું અને જયારે પોતાનો નંબર આવે ત્યાર પછી પાછળ દાખલ થવું, સામેલ થઈ જવું.

(૯) કોઈપણ શખ્સે તલવાર, ખંજર, સોટી, લાકડી, ચપ્પુઓ કે ભાલા કે તેવા પ્રકારના કોઈપણ હથિયાર તથા બીજા કોઈપણ પ્રકારના હથિયાર લઈને ફરવું નહીં.

(૧૦) રમત-ગમત માટે જે શખ્સોએ પરવાનગી મેળવેલ હોય એ શખ્સોને જે રમત-ગમતના સઘળા સાધનો અગર હથિયાર પોલીસની દેખરેખ નીચે લઈ જવા દેવામાં આવશે.

(૧૧) મહોરમમાં ભાગ લેનાર શખ્સોએ બીજા કોમના સ્વાંગ, વેષો કાઢવા નહીં, ઈત્તર કોમના ધર્મની લાગણી દુભાય, દુશ્મનાવટ ઉભી થાય અગર તો સુલેહશાંતિનો ભંગ થાય તેવો કૃત્યો કરવા નહીં.

(૧૨) આ જાહેરનામું તા. ૨૭-૦૬-૨૦૨૫ થી તા. ૦૭-૦૭-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

(૧૩) આ જાહેરનામું પોલીસ ખાતાના સભ્યો, હોમ ગાર્ડસના સભ્યો તથા જેઓને પોતાની ફરજની રૂએ હથિયાર ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહીં.

(૧૪) હથિયારબંધીનું તથા સભા-સરઘસબંધીનું જાહેરનામું જે અમલમાં હોય તેની અમલવારી ચાલુ રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામાનાં ભંગ સબબ ગુનો માંડવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનાં પોલીસ અધિકારીને અધિકૃત કવરામાં આવે છે.

આ જાહેરનામું આજ રોજ જાહેર જનતાને જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૨૧, માહે જુન, સને ૨૦૨૫.

નમુના નંબર-૨૫

અડચણ હુલ્લડ વિગેરે અટકાવવા અંગેનો મેજિસ્ટ્રેટનો હુકમ

(જુઓ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩)

હુકમ

નં. એમએજી/સી/જાહેરનામુ/મહોરમ/૦૪/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી,જુનાગઢના તા. ૨૦-૦૬-૨૦૨૫ ના પત્ર ક્ર. સી/એલઆઈબી/મહોરમ/જાહેરનામુ/૩૪૧૧/૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્ત વિગતે, મહોરમ તાજીયા સબબ રાજકોટ જિલ્લાનાં જેતપુર શહેરમાં તાજીયા ઝુલુસ કાઢવામાં આવતું હોઈ, અને સુન્ની મુસ્લીમ જમાત દ્વારા આ તાજીયા ટાઢા કરવા જુનાગઢ જિલ્લાના માંગરોળ બારા ખાતે લઈ જવામાં આવતા હોઈ, માંગરોળ શહેરમાં મુસ્લીમોમાં શીયા (તબલીક) અને સુન્ની (બિન તબલીક) વચ્ચે ઘર્ષણ થવાની સંભાવના હોય, તેમજ હિન્દુ ખારવા અને મુસ્લીમ વચ્ચે મન-દુઃખ હોવાના કારણે આ પરિસ્થિતિમાં માંગરોળ બારામાં જેતપુર શહેરનાં તાજીયા માંગરોળ બારામાં પ્રવેશે નહી તે અંગેનો મનાઈ હુકમ ફરમાવવા દરખાસ્ત થઈ આવેલ છે.

જાહેર સુલેહ શાંતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથઈ રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, હું, કે. બી. પટેલ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૬૩ હેઠળ જેતપુર શહેરનાં તાજીયા માંગરોળ બારામાં ટાઢા કરવા જવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ હેતુસર, જેતપુર તાલુકાની સમસ્ત મુસ્લીમ જનતાને/પ્રજાને નીચે મુજબ અમલવારી કરવા સુચના અને જાણ કરવામાં આવે છે.

(૧) આ તાજીયા જેતપુરથી જુનાગઢ જિલ્લાની ચોકી સોરઠથી શરૂ થતી હદમાં હાઈ-વે ઉપર કે અન્ય કોઈ માર્ગે લઈ જવા પ્રવેશવું નહી તેમજ ધોરાજીથી જુનાગઢના રોડ ઉપર પણ જુનાગઢ જિલ્લાની ઝાલણસરથી શરૂ થતી હદમાં પ્રવેશવું નહીં.

(૨) જુનાગઢ જિલ્લાનાં માંગરોળ બારામાં આ તાજિયા ટાઢા કરવા અન્ય કોઈ માર્ગે પણ જુનાગઢ જિલ્લામાં પ્રવેશવું નહીં.

આ જાહેરનામા ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામાનાં ભંગ સબબ ગુનો માંડવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનાં પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા. ૨૭-૦૬-૨૦૨૫ થી તા. ૦૭-૦૭-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) દરમ્યાન અમલમાં રહેશે.

આ હુકમ આજ રોજ જાહેર જનતાને જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

જુનાગઢ, ૨૧ માહે જુન, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની
કલમ-૩૩(૧) બી અન્વયે

જાહેરનામુ

નં. એમએજી/સી/જાહેરનામુ/મહોરમ/૦૧/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢના તા. ૨૦-૦૬-૨૦૨૫ ના પત્ર ક્ર. સી/એલઆઈબી/મહોર્રમ/જાહેરનામુ/૩૪૧૨/૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્ત વિગતે, આગામી તા. ૦૬-૦૭-૨૦૨૫ થી તા. ૦૭-૦૭-૨૦૨૫ દરમ્યાન મુસ્લીમ સમાજ દ્વારા મહોર્રમ (તાજીયા) ઉજવવામાં આવનાર હોઈ, આ તહેવારને અનુસંધાને જૂનાગઢ શહેરમાં તા. ૦૫-૦૭-૨૦૨૫ થી તા. ૦૭-૦૭-૨૦૨૫ ના રોજ મુસ્લિમ બિરાદરો દ્વારા મહોરમ (તાજીયા) ઝુલુસ કાઢવામાં આવનાર હોઈ, જે અંતર્ગત કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા ટ્રાફીક નિયમન થઈ શકે તે હેતુસર તેમાં દર્શાવ્યાનુસારનાં રસ્તાઓ ઉપર વાહનોની પ્રવેશબંધી ફરમાવતુ જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી રજુ થયેલ દરખાસ્ત ઉચિત જણાતી હોય, હું કે. બી. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ સ્થળો/રસ્તાઓ ઉપર તમામ પ્રકારના વાહનોની પ્રવેશબંધી ફરમાવું છું.

(૧) ગીરનાર દરવાજા અને જવાહર રોડ તરફથી જે વાહનો આવે તે સેજની ટાંકીથી દિવાનચોક તરફ આવવા માટે પ્રવેશબંધી.

(૨) જગમાલ ચોકથી દિવાનચોક તરફ વાહનોની પ્રવેશબંધી.

(૩) સુખનાથ ચોકથી સંઘાડીયા બજાર તરફ આવવા માટે વાહનોની પ્રવેશબંધી.

(૪) જગમાલચોકથી માંડવીચોક તરફ આવવા માટે વાહનોની પ્રવેશબંધી.

(૫) છાંયા બજારથી દિવાનચોક તરફ આવવા માટે વાહનોની પ્રવેશબંધી.

(૬) માલીવાડા થી દિવાન ચોક તરફ આવવા માટે વાહનોની પ્રવેશબંધી.

(૭) દાણાપીઠથી સર્કલ ચોક તરફ આવવા માટે વાહનોની પ્રવેશબંધી.

(૮) ચિતાખાના ચોકથી ઢાલ રોડ તરફ આવવા માટે વાહનોની પ્રવેશબંધી.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામાનાં ભંગ સબબ ગુનો માંડવા માટે પોલીસ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામુ તા. ૦૫-૦૭-૨૦૨૫ ના રોજ ૧૬-૦૦ કલાકથી તા. ૦૭-૦૭-૨૦૨૫ ના રોજ ૦૭-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામું આજ રોજ જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૧ માહે જુન, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ કાઢેલ હુકમ

હુકમ

નં. : એમએજી/સી/બોટગુમ/જાહેરનામુ/૪૧૬૭૫૯/૨૦૨૫.-જૂનાગઢ જિલ્લાના ચોરવાડ, માંગરોળ મરીન, શીલ ખાતેથી વહાણ/બોટો દરીયામાં માચ્છીમારી માટે જાય છે અને મોટાભાગની વસ્તી માચ્છીમારીના ધંધા સાથે સંકળાયેલ છે. ગત તા. ૨૯-૧૧-૨૦૧૩ના રોજ મુંદ્રા બંદરથી નૌશાદ ઈશા થૈમ તથા જુઆબ સુલેમાન જાફરાબાદી, રહે. બન્ને મોટા સલાયા, તા. માંડવી વાળાની માલીકીનું વહાણ MCV SHANE HIND (MNV 2176) સલાલા (ઓમાન) જવા ખાંડનો જથ્થો ભરીને ૧૨ ક્રુમેમ્બરો સહિત રવાના થયેલ હતું. મુંદ્રા બંદરેથી નીકળ્યા બાદ તા. ૦૨-૦૧-૨૦૧૪ ના રોજ વહાણનુ સોમાલીયમ ચાંચીયાઓએ અપહરણ કરેલ પરંતુ આ વહાણ ગુમ થવા સંબંધે તેના માલીકે કોઈ એજન્સી કે સરકારી તંત્રને જાણ કરી નોંધ કરાવેલ ન હતી. આ એક રાષ્ટ્રીય સલામતીને સ્પર્શતી ગંભીર ઘટના છે. વહાણ ગુમ થવા સબંધે વહાણના માલીક દ્વારા કોઈ સરકારી એજન્સી/અધિકારી સમક્ષ વહાણ ગુમ થયાની જાહેરાત ન થાય તે બાબતે સખત વાંધાજનક છે. જે સમયગાળા દરમ્યાન વહાણ ગુમ રહયુ હોય તે સમયગાળા દરમ્યાન વહાણ કે વહાણના ક્રુમેમ્બરોનો રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિમાં ઉપયોગ થયો હોય તે બાબત નકારી શકાય નહી. આવી ઘટનાઓ અટકી શકે તે માટે સમગ્ર જુનાગઢ જિલ્લામાં આવેલ વહાણ/બોટ માલીકે જયારે પોતાનું વહાણ/બોટ વાતાવરણીય કારણસર ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈપણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો તેના માલીકનો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ ન થતો હોય તો તે બાબતેની જાણ સંબંધીત તમામ સરકારી એજન્સીને ફરજીયાત કરવી તેવુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી./એલઆઈબી/બોટગુમ/જા.નામુ/૨૬૪૯/૨૦૨૫, તા. ૨૮-૦૫-૨૦૨૫ થી દરખસ્ત રજુ થયેલ છે.

જુનાગઢ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે અને મોટા પ્રમાણમાં માચ્છીમારી માટે બોટો દરીયામાં જાય છે. જેથી બોટો સાથે જતા લોકોની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, કે. બી. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, BNSS, 2023 ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ, જુનાગઢ જિલ્લાના વહાણ/બોટ માલીકોએ જયારે પોતાનું વહાણ/બોટ માચ્છીમારી માટે દરીયામાં જાય અને વાતાવરણીય કારણસર/ચાચીયાઓ દ્વારા અપહરણ થવાના કારણસર કે અન્ય કોઈપણ કારણોસર વહાણ/બોટ ગુમ થાય કે વહાણ/બોટ સાથેનો સંપર્ક નિશ્ચિત સમયગાળા બાદ ન થતો હોય તો નીચે મુજબના પત્રકની વિગતો સાથે વાહણ/બોટ માલિકોએ સંબંધીત તમામ સરકારી એજન્સીઓને તે અંગેની જાણ કરવાનો આથી હુકમ કરૂ છું.

ક્રમ	વહાણ/બોટનું નામ તથા નંબર	વહાણ/બોટ માલીકનું નામ તથા સરનામું તથા સંપર્ક નંબર	વહાણ/બોટમાં રવાના થયેલ ટંડેલ/ખલાસીનઓના નામ તથા સરનામાની વિગત	વહાણ/બોટ રવાના થયાની તારીખ, સમય તથા સ્થળ	વહાણ/બોટ પરત આવવાની સંભવીત તારીખ	અન્ય જરૂરી વિગતો	રીમાર્કસ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

આ જાહેરનામુ તા. ૦૫-૦૬-૨૦૨૫ થી તા. ૦૩-૦૮-૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત BNS, 2023 ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આ જાહેરનામુ આજરોજ માહી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

જુનાગઢ, ૦૪ માહે જુન, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

હુકમ

નં. એમએજી/સી/જાહેરનામુ/પરીક્ષા/ઈ-૧૭૨૨૪૭/૨૦૨૫.-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જૂનાગઢ તરફથી પત્ર ક્રમાંક : DEOJUGH/0011/06/2025, Dt. 13-06-2025 થી થઈ આવેલ દરખાસ્તની વિગતે, ગુજરાત માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા SSC/HSC (વિ.પ્ર./સા.પ્ર.)-૨૦૨૫ ની પૂરક પરીક્ષા તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૦૩-૦૭-૨૦૨૫ સુધી લેવાનાર હોય, આ પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થીઓ કોઈપણ જાતના ભય વગર શાંત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તથા પરીક્ષા ચોરીને ડામી શકાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે, આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રો સંબંધે ચોકકસ પ્રતિબંધો સુચવીને પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત વિચારણામાં લઈ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવાનું વ્યાજબી અને યોગ્ય જણાય છે.

સબબ હું, કે. બી. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ અધિકારની રૂએ આ સાથેના...

(૧) પરિશિષ્ટ-૧માં દર્શાવ્યા મુજબના HSC (વિ. પ્ર.) ની પરીક્ષા માટેના પરીક્ષા કેન્દ્રો-બિલ્ડીંગોના વિસ્તારમાં તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૩૦-૦૬-૨૦૨૫ સુધી બપોરના ૦૨-૦૦ કલાકથી કલાકથી સાંજના ૦૭-૩૦ કલાક સુધી.

(૨) પરિશિષ્ટ-૨માં દર્શાવ્યા મુજબના HSC (સામાન્ય પ્રવાહ) ની પરીક્ષા માટેના પરીક્ષા કેન્દ્રો-બિલ્ડીંગોના વિસ્તારમાં તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૦૩-૦૬-૨૦૨૫ સુધી સવારના ૦૯-૦૦ થી સાંજના ૦૭-૩૦ કલાક સુધી.

(૩) પરિશિષ્ટ-૩માં દર્શાવ્યા મુજબના SSC ની પરીક્ષા માટેના પરીક્ષા કેન્દ્રો-બિલ્ડીંગોના વિસ્તારમાં તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૦૧-૦૭-૨૦૨૫ સુધી સવારના ૦૯-૦૦ થી કલાકથી બપોરના ૦૨-૩૦ કલાક સુધી.

પરીક્ષા પ્રક્રિયા દરમ્યાન નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈ પણ માર્ગ ઉપર, ચોકમાં કે ગલીઓમાં ચાર કરતાં વધારે લોકોએ એકઠા થવું નહી, સરઘસો કાઢવા નહીં તેમજ સુત્રો પોકારવા નહીં.

(૨) પરીક્ષા કેન્દ્રની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોપીઈંગ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ઝેરોક્ષ મશીનો ધરાવતા ધંધાર્થીઓ/મશીન ધારકોએ તેઓના કોપીઈંગ મશીન ચલાવવા નહી કે કોઈ પણ પત્રો, કાગળો કે પરીક્ષાલક્ષી સાહિત્યની નકલો કરવી નહી.

(૩) પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગોના મુખ્ય પ્રવેશ દ્વાર પર પરીક્ષાર્થી પાસે પ્રવેશીકા હોય તે ચકાસીને જ માત્ર પરીક્ષાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.

(૪) પરીક્ષામાં રોકાયેલ કેન્દ્રના સંચાલકશ્રીઓ, બિલ્ડીંગ કંડકટરશ્રી, ખંડ નિરીક્ષકો, વહીવટી સેવામાં જેઓને ફરજ સોંપવામાં આવે છે તે વોટરમેન, બેલ મેન કે જેઓ બોર્ડે શિક્ષણખાતાના સક્ષમ સત્તાધિકારી દ્વારા ઓળખ પત્ર આપવામાં આવ્યા છે તે ચકાસીને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૫) પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાર્થીઓ, શિક્ષકો, કેન્દ્ર સંચાલક, વહીવટી કર્મચારીઓ કે ફરજ પરના તમામ પ્રકારના સરકારી કર્મચારીઓએ પ્રશ્નપત્રોને લગતું કે પરીક્ષા સબંધી ગેરરીતી ગણાય તેવી કોઈ પણ વસ્તુ અથવા ઈલેકટ્રોનીક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, ટેબ્લેટ, આઈપેડ, પેજર, પુસ્તક, ગાઈડ, ચાર્ટ, કાપલી, ઝેરોક્ષ, માઈક્રો ઝેરોક્ષની નકલો પરીક્ષા સ્થળમાં લઈ જવા નહી કે તેનું વહન કરવું નહી કે કરવા મદદગારી કરવી નહી. તેમજ તેવી કોઈ પણ વસ્તુ રાખી પરીક્ષા સ્થળમાં પ્રવેશવું નહી. પરંતુ બોર્ડની સુચના મુજબ પરીક્ષા કાર્યના ઉપયોગના હેતુસર ફકત નિયુકત ઓબ્ઝર્વરશ્રી, કેન્દ્ર સંચલાક અને સરકારી પ્રતિનિધિ આ અધિકારી/કર્મચારીઓ જ પોતાની પાસે મોબાઈલ ફોન રાખી શકશે.

(૬) પરીક્ષામાં વિદ્યાર્થીઓએ સાદુ કેલ્કયુલેટર સાથે લઈ જવાની છૂટ રહેશે.

(૭) પરીક્ષાર્થી અને પરીક્ષા સબંધીત કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈ બિન અધિકૃત વ્યકિતઓએ ઉપરોકત પ્રતિબંધીત વિસ્તારમાં દાખલ થવું નહીં. તેમજ કાયદેસરની ફરજ બજાવનારાઓને કોઈ પણ ઈસમે અડચણ કે અવરોધ કરવો કે કરાવવો નહી. કોઈ પણ ઈસમે કોઈ પણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી કે કરાવવી નહી. પરીક્ષાર્થીઓના શાંતિ અને લેખન કાર્યમાં અડચણ/ધ્યાન ભંગ થાય તેવુ કૃત્ય કરવુ/કરાવવું નહી.

(૮) પરીક્ષા ખંડમાં શાતિ પુર્ણ રીતે પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને અન્ય કોઈ વ્યકિત અથવા પરીક્ષાર્થી જાતે પરીક્ષામાં ચોરી કરીને/કરાવીને/કરવામાં મદદગારી કરીને અથવા ચોરી ગણાય તેવા કોઈ સાહીત્યની આપલે કરીને/કરાવીને ત્રાસ અથવા ખલેલ અથવા ભય પહોચે તેવુ કૃત્ય કરવુ નહી.

આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) પોતાના અંગત ઉપયોગ માટે કોપીઈંગ મશીનનો વપરાશ કરતી વ્યક્તિઓને.

(૨) ફરજની રૂએ જે કર્મચારીને મુક્તિ આપવામાં આવી હોય તેવી વ્યક્તિઓને એકત્રીત થવાની જોગવાઈ લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે BNS-2023 ની કલમ-૨૨૩ હેઠળ પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગૂન્હો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨,૫૦૦/- નો દંડ અથવા બંનેની સજા થઈ શકશે.

આજ જાહેરનામુ આજ રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જુનાગઢ જિલ્લો જુનાગઢના હુકમ નં. એમએજી/સી/જાહેરનામુ/ઈ-૧૭૨૨૪૭/૨૦૨૫ થી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ કાઢેલ હુકમ સાથેનું પરિશિષ્ટ

પરિશિષ્ટ-૧ ધો. ૧૨ એચ.એસ.સી. (વિજ્ઞાન પ્રવાહ) ની પૂરક પરીક્ષાના બ્લોક બિલ્ડીંગ પરીક્ષા તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૩૦-૦૬-૨૦૨૫ સુધી

ક્રમ	શાળાનું નામ, સરનામું
1	ડૉ. સુભાષ આર્ય કન્યા વિદ્યાલય, ઘામધ્રોળ રોડ, જૂનાગઢ.
2	ગિરનાર પબ્લિક સ્કૂલ, કોલેજ રોડ, એસ. ટી. કોલોની પાસે, જૂનાગઢ.
3	આલ્ફા હાઈસ્કૂલ, ડ્રીમલેન્ડ સોસાયટી, મોતીબાગ પાસે, જૂનાગઢ.
4	એન. પી. ભાલોડીયા હાઈસ્કૂલ, કોલેજ રોડ, એસ. ટી. કોલોની પાસે, જૂનાગઢ.

પરિશિષ્ટ-૨ ધો. ૧૨ એચ.એસ.સી. (સામાન્ય પ્રવાહ) ની પૂરક પરીક્ષાના બ્લોક બિલ્ડીંગ પરીક્ષા તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૦૩-૦૭-૨૦૨૫ સુધી

ક્રમ	શાળાનું નામ, સરનામું
1	શ્રીમતી આર. જે. કનેરીયા ગર્લ્સ હાઈસ્કૂલ, મોતીબાગ, જૂનાગઢ
2	શ્રીમતી એન. બી. કાંબલીયા વિદ્યાલય, વંથલી રોડ, બિલનાથ મંદિર પાસે, જૂનાગઢ

પરિશિષ્ટ-૩ ધો. ૧૦ એસ.એસ.સી. ની પૂરક પરીક્ષાના બ્લોક બિલ્ડીંગ પરીક્ષા તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૦૧-૦૭-૨૦૨૫ સુધી

ક્રમ	શાળાનું નામ, સરનામું
1	માતુશ્રી એમ. જી. ભુવા કન્યા વિદ્યા મંદિર, સરદારપરા, જોષીપુરા, જૂનાગઢ.
2	કાર્મલ કોન્વેન્ટ હાઈસ્કૂલ, જનરલ પોસ્ટ ઓફીસ પાસે, ગાંધીગ્રામ, જૂનાગઢ.
3	સ્વ. કે. જી. ચૌહાણ કન્યા વિદ્યાલય, વંથલી રોડ, ટીંબાવાડી, જૂનાગઢ.
4	સરસ્વતી હાઈસ્કૂલ, માંગનાથ રોડ, જૂનાગઢ.
5	નોબલ હાઈસ્કૂલ, નોબલ નગર, બસ સ્ટેન્ડ પાછળ, જૂનાગઢ.
6	પ્રેમાનંદ વિદ્યાલય, વંથલી રોડ, બિલનાથ મંદિર પાસે, જૂનાગઢ.
7	એકલવ્ય પબ્લિક સ્કૂલ, ફુલવાટીકા પાછળ, ઝાંઝરડા રોડ, જૂનાગઢ.
8	કૃષ્ણ વિદ્યા મંદિર, પ્રમુખ નગર, દિપાંજલી પાછળ, જૂનાગઢ.
9	આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલ-એ, વન પાર્ક સોસાયટી, બાયપાસ રોડ, મધુરમ, જૂનાગઢ.
10	સોરઠ ઈન્ટરનેશનલ સ્કુલ યુનિટ-૧, હોટેલ ગીરીરાજ પાછળ, વાડાલ ફાટક પાસે, વંથલી રોડ, જૂનાગઢ.
11	સોરઠ ઈન્ટરનેશનલ સ્કુલ યુનિટ-૨, હોટેલ ગીરીરાજ પાછળ, વાડાલ ફાટક પાસે, વંથલી રોડ, જૂનાગઢ.

જુનાગઢ, ૨૧ માહે જુન, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/જળાશય/જાહેરનામુ/ઈ-૧૪૩૭૨૭/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/જળાશય-દરખાસ્ત/૨૨૯૭/૨૦૨૫, તા. ૦૮-૦૫-૨૦૨૫ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે, સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : HD/MSM/e-file/8/2025/2718/SB1, તા. ૦૫-૫-૨૦૨૫ માં જણાવ્યા મુજબ તાજેતરમાં રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આવેલ જળાશયો (નદી, તળાવ, નહેર, દરીયા)માં ન્હાવા પડેલ વ્યકિતઓના ડુબી જવાથી મરણ થવાની ઘટનાઓ ધ્યાને આવેલ છે. આ બાબત અતી ગંભીર છે. લોકો જળાશયો (નદી, તળાવ, નહેર, દરીયા) માં ન્હાવાના શોખીન હોય, આવી કોઈ પણ પ્રકારની આકસ્મિક તથા ગંભીર ઘટનાઓ બનતી અટકાવવી જરૂરી છે. જેથી આવી ઘટનાઓ બનતી અટકવવા માટે અત્રેના જૂનાગઢ જિલ્લામાં આવેલ જળાશયો (નદી, તળાવ, નહેર, દરીયા) ના સ્થળોએ જતી વખતે લોકો સ્થળ પરની સુરક્ષા બાબતે સજાગ રહે તેમજ આ પ્રકારના ભયજનક સ્થળોએ કોઈ પણ વ્યકિતઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે પ્રતિબંધ ફરમાવતું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી રજુ થયેલ દરખાસ્ત ધ્યાને લેતાં, અત્રેના જૂનાગઢ જિલ્લામાં આવેલ જળાશયોના સ્થળોએ જતી વખતે લોકો સ્થળ પરની સુરક્ષા બાબતે સજાગ રહે તેમજ આવા ભયજનક સ્થળોએ કોઈ પણ પ્રકારની આકસ્મિક તથા ગંભીર ઘટનાઓ બનતી અટકાવવાના ભાગરૂપે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

સબબ, હું કે. બી. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ હુકમ કરૂ છું કે, જૂનાગઢ જિલ્લામાં આવેલ નીચેની વિગતેના જળાશયો (નદી, તળાવ, નહેર, દરીયા) માં કોઈ પણ વ્યકિતએ પ્રવેશ કરવો નહી.

ક્રમ	તાલુકાનું નામ	જળાશયની વિગત	જળાશયની નજીક આવેલ પોલીસ સ્ટેશન
૧	જૂનાગઢ શહેર	વિલીંગ્ડન ડેમ દાતાર ડુંગર	'એ' ડીવીઝન
૨	જૂનાગઢ શહેર	વાઘેશ્વરી તળાવ ગણેશ નગર	'એ' ડીવીઝન
૩	જૂનાગઢ શહેર	કાળવા નદી	'એ' ડીવીઝન
૪	જૂનાગઢ શહેર	સોનરખા નદી	'એ' ડીવીઝન
૫	જૂનાગઢ શહેર	નરસિંહ મહેતા તળાવ	'એ' ડીવીઝન
૬	જૂનાગઢ શહેર	દામોદરકુંડ	ભવનાથ
૭	જૂનાગઢ શહેર	નારાયણધરા	ભવનાથ
૮	જૂનાગઢ શહેર	જટાશંકર જંગલ વિસ્તાર	ભવનાથ
૯	જૂનાગઢ શહેર	બાદલપૂર ડેમ-બાદલપૂર	બીલખા
૧૦	ભેસાણ	ઉબેણ નદી પર ઉબેણ ડેમ (ભાટગામ ગામે)	ભેસાણ
૧૧	ભેસાણ	ઓજત નદી પર ગુજરીયા ડેમ (ગુજરીયા ગામે)	ભેસાણ
૧૨	ભેસાણ	સનોરખા નદી પર પસવાળા ડેમ (પસવાળા ગામે)	ભેસાણ
૧૩	જૂનાગઢ ગ્રામ્ય	હસ્નાપુર ડેમ, જામ્બુડી ફોરેસ્ટ નાકા પાસે, ડેરવાણા ગામ	જૂનાગઢ તાલુકા
૧૪	જૂનાગઢ ગ્રામ્ય	ઓઝત નદી બંધ, આણંદપુર-બગુડ રોડ, આણંદપુર	બિલખા
૧૫	મેંદરડા	મધુવંતી નદી (માલણકા ડેમ)	મેંદરડા
૧૬	વિસાવદર	આંબાજળ ડેમ સતાધાર	વિસાવદર
૧૭	વિસાવદર	ધ્રાફડ ડેમ સરસઈ	વિસાવદર
૧૮	વિસાવદર	ઝાંઝેશ્રી ડેમ ઝાંઝેસર	વિસાવદર
૧૯	વિસાવદર	મહુડા મહુડી ડેમ મહુડા	વિસાવદર
૨૦	કેશોદ	ઓઝત નદી	કેશોદ
૨૧	કેશોદ	ટિલોળી નદી	કેશોદ
૨૨	કેશોદ	નોળી નદી	કેશોદ
૨૩	કેશોદ	શાબરી/મધુવતી નદી	કેશોદ
૨૪	વંથલી	શાપુર ઓઝત	વંથલી
૨૫	વંથલી	ખોરાસા ડેમ	વંથલી
૨૬	માણાવદર	બાંટવા ખારો ડેમ, બાંટવા	બાંટવા
૨૭	માણાવદર	ભાદર (વેકરી ગામ)	બાંટવા
૨૮	માણાવદર	ઓઝત (આંબલીયા ગામ)	બાંટવા
૨૯	માણાવદર	ભાદર નદી (સરાડીયા ગામ)	માણાવદર
